# જૈન દર્શનનું

# તુલનાત્મક દિગ્દર્શન

[ A COMPARATIVE SURVEY OF JAINISM ]

લેખક

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

૧૯૬૮

श्रीवीतरागाय नमो नमः ॥

नमो नमः श्रीगुरुनेमिसूरये ॥

# જૈન દર્શનનું

# તુલનાત્મક દિગ્દર્શન

[ A COMPARATIVE SURVEY OF JAINISM ]


: લેખક :

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.


: પ્રેરક :

ઉપાધ્યાય શ્રીચન્દ્રોદયવિજયજી ગણિ


: પ્રકાશક :

શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર

[ વિ. સં. ૨૦૨૪ ] વીરસંવત્ ૨૪૯૪ [ ઇ. સ. ૧૯૬૮

મૂલ્ય : એક રૂપિયો

પ્રકાશક

શાન્તિલાલ ચીમનલાલ સંઘવી
સંચાલક, શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર,
મોટો રસ્તો, ગોપીપરું,
સૂરત-૨

○ વિજ્ઞપ્તિ ○

વિશેષ વિજ્ઞપ્તિ છે કે આ પુસ્તક જેમને અભિપ્રાયાર્થે અપાય તેમણે પોતાનો અભિપ્રાય પ્રો. કાપડિયા ઉપર બારોબાર લખી મોકલવો અને જેમને સમાલોચનાર્થે આ મોકલાય તેમણે સમાલોચનાની નકલ એમને જ મોકલવા કૃપા કરવી.

—પ્રકાશક

મુદ્રક

જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર
સૂરત સિટિ પ્રિન્ટિંગ પ્રેસ,
મોટા મંદિર સામે,
સૂરત-૧

પ્રાપ્તિસ્થાન : જશવંતલાલ ગિરધરલાલ શાહ, શ્રી જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, અમદાવાદ.

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# આમુખ

( લે. વિદ્વદ્‌રત્ન મુનિશ્રી જંબૂવિજયજી મ. )

'જૈન દર્શનનું તુલનાત્મક દિગ્‌દર્શન' આ પુસ્તિકાના પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ મોકલેલા ચાર ફૉર્મ જોઇ ગયો છું. વાંચતાં એમ લાગ્યું કે ગુજરાતી ભાષામાં સૂત્ર અને વિવરણ રૂપે આ રીતે લખવાનો આ પ્રયાસ જરૂર અભિનંદનને પાત્ર છે. વાંચનારને જૈનદર્શનનું સંક્ષેપમાં જ્ઞાન તેમ જ બીજાં દર્શનો પણ અમુક અમુક બાબતમાં શું માને છે એ વિષે તુલનાત્મક માહિતી આનાથી મળી રહેશે.

વર્તમાન યુગના અતિવ્યવસાયી જીવનમાં સામાન્ય માનવીને મોટા મોટા ગ્રંથો વાંચવાની ફુરસદ પણ નથી હોતી અને વાંચવા બેસે તો યે તેમાં એ અટવાઇ જાય છે. એને આવી પુસ્તિકાઓ વિશેષ ઉપયોગી અને અનુકૂળ છે. સંક્ષેપમાં છતાં સુગમ રીતે જૈનદર્શનના પદાર્થો આમાં સમજાવવામાં આવ્યા છે એ એની મહત્ત્વની વિશિષ્ટતા છે. જ્ઞાની ગુરુ પાસેથી આનું શ્રવણ કરવામાં આવે તો આ બીજરૂપ પુસ્તકથી વિપુલ જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાય તેમ છે.

તત્ત્વાર્થસૂત્ર એ સર્વ જૈનોમાં માન્ય ગ્રંથ છે. એના કર્તા ભગવાન ઉમાસ્વાતિ જૈન તત્ત્વજ્ઞાનના મહાન્ સંગ્રહકાર ગણાય છે. કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે સિદ્ધહેમશબ્દાનુશાસનની વૃત્તિમાં " **उपोमास्वातिं संग्रहीतारः** " એમ કહીને એમની ઘણી તારીફ કરી છે. આ તત્ત્વાર્થસૂત્રનો ઘણો આધાર આ પુસ્તિકાની રચના કરતાં લેવામાં આવ્યો છે. આ વાત પુસ્તિકાને અંતે આપેલા પરિશિષ્ટથી સમજી શકાય તેમ છે. તત્ત્વાર્થસૂત્રના પં. સુખલાલજી-કૃત ગુજરાતી વિવેચનનો પણ આમાં ક્વચિત્ ઉપયોગ કરવામાં આવ્યો જણાય છે. તે ઉપરાંત બીજા પણ ગ્રંથોનો આધાર લઈને આ લખાણ તૈયાર કરવા માટે લેખકે સારો પરિશ્રમ લીધો છે.

છતાં કેટલાંક કારણોને લીધે તેમાં અમુક ક્ષતિઓ આવી ગઇ છે તે વિષે ધ્યાન ખેંચવું જરૂરી જણાય છે. જેમકે—

પૃ. ૩ ઉપર સૂત્ર ચોથું અને તેનું વિવેચન શાસ્ત્રીય જણાતું નથી. લેખકે તત્ત્વાર્થની સિદ્ધસેનગણિકૃત ટીકાનું પરિશીલન કર્યું હોત તો આમ ન બનત. ટીકા વિચારતાં આમ યોગ્ય જણાય છે. જે—

પદાર્થના બે અંશ છેઃ દ્રવ્ય અને પર્યાય. તેમાં ગુણપર્યાયોનો આધારભૂત જે સ્થાયી અંશ તે 'દ્રવ્ય' કહેવાય છે અને એના પરિણામો 'પર્યાય' કહેવાય છે. દ્રવ્ય પરિણામિ છે અને

પર્યાયો તેના પરિણામ છે. અમુક અપેક્ષાએ પર્યાય અને ગુણ એક હોવા છતાં વ્યવહારદૃષ્ટિએ વિચાર કરતાં જે સહભાવી–એક-સાથે રહેનારા પરિણામો તે 'ગુણ' કહેવાય છે અને અનુક્રમે બદલાતી અવસ્થાઓ 'પર્યાય' કહેવાય છે. જેમકે આત્માનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ ધર્મો ગુણ છે પરંતુ તેની બદલાતી બાલ, શિશુ, યુવા, વૃદ્ધ આદિ અવસ્થાઓ પર્યાય કહેવાય છે. પુદ્ગલમાં પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ સહભાવી ધર્મો ગુણ છે જ્યારે એની પિંડ, ઘટ, કપાલ આદિ બદલાતી ક્રમભાવી અવસ્થાઓ પર્યાય કહેવાય છે.

તત્ત્વાર્થસૂત્ર (૫–૩૭)ની ટીકા વાંચતાં આ સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

પૃ. ૧૯, પં. ૧૩ માં રસનો અર્થ ચીકાશ કર્યો છે પરંતુ તીવ્ર કે મંદ ફળ આપવાની કર્મમાં રહેલી જે શક્તિ તે ખરેખર 'રસ' કહેવાય છે.

પૃ. ૩૧, પં. ૧૯–૨૦માં 'બૌદ્ધો અને નૈયાયિકો પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણ માને છે' એમ કહ્યું છે પરંતુ નૈયાયિકોને સ્થાને 'કેટલાક વૈશેષિકો' એમ લખવું જોઈએ.

પૃ. ૩૯, પં. ૨–૪. સાંખ્ય અને વૈશેષિકોનું મંતવ્ય રજૂ કરીને બંનેનો સમન્વય જૈનો વસ્તુને સદસત્ માનીને કેવી રીતે કરે છે અને ઉભયનો વિરોધ કેવી રીતે ટાળે છે એ જણાવવું હોય તો

'કેમકે પદાર્થ દ્રવ્યરૂપે-કારણરૂપે સત્ છે અને જ્યાં સુધી વિવક્ષિત કાર્ય ઉત્પન્ન ન થયું હોય ત્યાં સુધી તે કાર્યરૂપે-તે પર્યાયરૂપે અસત્ છે' એમ લખવું જોઇએ.

પૃ. ૫૫, પં. ૧૮. ઓતપ્રોતતાને બદલે 'અગુરુલઘુગુણ' એમ લખવું યોગ્ય જણાય છે.

પૃ. ૫૭, પં. ૬માં 'સાત–આઠ વાર જન્મ મળી શકે છે' એમ લખવું જોઇએ.

આવાં કોઇક કોઇક સ્થળો બાદ કરતાં, જૈનદર્શનસંમત પદાર્થો વિષે લેખકે સંક્ષેપમાં પણ સારૂં નિરૂપણ કર્યું છે. વિષયોની ક્રમયોજના પણ તેમની સ્વતંત્ર અને રોચક છે.

વિવિધ વિષયોના જૈન ગ્રંથો અને ગ્રંથકારો વિષે ઐતિહાસિક માહિતી ધરાવતું લેખકનું સંગ્રહાત્મક જ્ઞાન અતિવિશાળ છે. આ મોટી ઉંમરે પણ જ્યાં મળે ત્યાંથી જૈનસાહિત્ય સંબંધી સંશોધનાત્મક ઐતિહાસિક માહિતીઓનો સંગ્રહ કરવાની એમનામાં ઉત્કટ તાલાવેલી છે. ગૃહસ્થજીવનની ઘણી જવાબ-દારીઓ વચ્ચે રહીને પણ આ સતત અધ્યયન–પરાયણતા એમને મુક્તિપદપ્રાપક બનો એ શુભેચ્છા.

અંતમાં જણાવવાનું કે—

જૈનદર્શન એ કોઇ સંપ્રદાયવાદ નથી પણ સર્વ સંપ્રદાયોનું સુંદર મિલનસ્થાન એવો સમન્વયવાદ છે. નયવાદ એ જૈનદર્શનની

ઘણી જ મોટી વિશેષતા છે. નયવાદ એ અપેક્ષાવાદ છે. નયવાદનો આશ્રય લઈને અપેક્ષાએ ઈશ્વરનું કર્તૃત્વ તેમ જ સૃષ્ટિ-પ્રલય આદિ ભાવો પણ ઘટાવી શકાય છે. જ્ઞાન, ભક્તિ અને ક્રિયાનો પણ જૈનદર્શનમાં સુંદર સમન્વય છે. જૈનદર્શન એ માત્ર પંડિતોનો જ વિષય નથી; જૈનદર્શન ખરેખર જીવનનું દર્શન છે. સફળ જીવન જીવવા માટેનું એ જીવંત દર્શન છે. જૈનદર્શનને જાણવા-વિચારવા-સમજવાનો જ્યારે ખરેખર પ્રયત્ન કરવામાં આવે ત્યારે જૈનદર્શનના આ અત્યંત મહત્ત્વના અંગ વિષે ખાસ લક્ષ આપવામાં આવે એ જરૂરી છે કે જેથી અરિહંત પરમાત્માના પ્રવચનમાં રહેલી વ્યાપકતા અને સર્વ જીવોનું પરમ કલ્યાણ કરવાની પરમ શક્તિની પ્રતીતિ થાય એ જ શુભેચ્છા.

સં. ૨૦૨૪, વૈશાખ શુદિ ૧૩.
દુર્ગાપુર-નવાવાસ
(કચ્છ)

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી
ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજય

# પ્રકાશકીય

પ્રત્યેક યુગની કંઇ ને કંઇ વિશિષ્ટતા છે. આજે પહેલાંની જેમ દાર્શનિક અખાડાઓમાં કુસ્તી કરવાની વૃત્તિ નામશેષ બનતી જાય છે. એનું સ્થાન વિરોધીઓનાં પણ વચનોનો આદરપૂર્ણ અભ્યાસ કરવાનું વલણ દિન પર દિન જોર પકડતું જાય છે. આનું એક જ્વલંત ઉદાહરણ તે આ પુસ્તકની ઉત્પત્તિનો પ્રસંગ છે. એ એકબીજાના દર્શનમાંનાં મૂળભૂત તત્ત્વો ભણવાં, વિચારવાં અને યોગ્ય જણાય તો સ્વીકારવાં જેવી મનોવૃત્તિની અને સાથે સાથે તુલનાત્મક અવલોકનની ભૂમિકાના પ્રાદુર્ભાવનું દર્શન કરાવે છે. પ્રસ્તુત પુસ્તક આપણા સુપ્રસિદ્ધ વયોવૃદ્ધ વિદ્વાન અને વિવિધ ગ્રંથોના સંપાદક અને લેખક તેમ જ જાતજાતના લેખો લખનારા પ્રો. હીરાલાલ ર. કાપડિયાની રચના છે. એની પ્રશંસા જૈનાચાર્યોએ કરી છે એટલાથી એની મહત્તાની સમાપ્તિ થતી નથી પરંતુ એનું મૂર્ત સ્વરૂપ તો પરમ પૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પ્રાકૃતવિશારદ આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજીના ગુણગ્રાહી વિનેય ઉપાધ્યાય શ્રીચન્દ્રોદયવિજયગણિની આ પુસ્તકના પ્રકાશનાર્થે

અમને કરાયેલી પ્રેરણા અને એ દ્વારા જૈન દર્શનની આ જમાનાને અનુરૂપ પરિચય એના સૌ કોઇ જિજ્ઞાસુને મળે એવી એમની ભાવનાને આભારી છે. એમણે 'ઉપાધ્યાય' પદવી પ્રાપ્ત કર્યા પછીનું આ એમનું પ્રથમ જ પ્રશંસનીય પગલું છે. એને અમે સાનંદ અને સાભાર વધાવી લઈએ છીએ.

અમને એમ પણ જાણવા મળ્યું છે કે પૂજ્ય ઉપાધ્યાયજી સુરતના અને એની આસપાસનાં જૈન ધર્મસ્થાનોને અંગે માહિતીગ્રન્થ તૈયાર કરાય અને પ્રકાશિત થાય તે માટે સમુચિત પ્રયાસ કરી રહ્યા છે. અમે એમને આ કાર્યમાં સફળતા મળે એમ ઇચ્છીએ છીએ.

પ્રો. કાપડિયાએ પોતાની આ કૃતિ કોઈ પણ જાતના પુરસ્કારની અપેક્ષા રાખ્યા વિના અમને એનો ઉપયોગ કરવા સંમતિ આપી છે તે બદલ એમનો અને આના પ્રકાશનાર્થે "હિંદુ મિલન મંદિર"ના તંત્રીશ્રી સ્વામી વેદાનંદજીએ પ્રો. કાપડિયાને આપેલી અનુજ્ઞા બદલ એમનો પણ હાર્દિક આભાર માનીએ છીએ અને આ જાતનાં અજૈન દર્શનોને અંગે પણ પુસ્તકો રચાય એમ ઇચ્છીએ છીએ.

અંતમાં વિદ્વદ્રત્ન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજે આમુખ લખી આપી અમારા આ પ્રકાશનને સમૃદ્ધ બનાવ્યું છે તે બદલ અમે તેમના ખૂબ ઋણી છીએ.

દાર્શનિક પં. સુખલાલજીને પૃ. ૧–૩૨ની નકલ મળતાં એમણે પ્રો. કાપડિયા ઉપર તા. ૨૯–૩–'૬૮ને રોજ લખેલા પત્રમાંથી નિમ્નલિખિત પંક્તિ અમે સાભાર રજૂ કરીએ છીએ :—

"તમારાં ગુજરાતીમાં રચાતાં સૂત્રો અને તેની વ્યાખ્યા એ એકંદરે લોકોને ઉપકારક નીવડે તેવાં છે."

ગોપીપરું,
સુરત–૨
તા. ૧૬–૫–'૬૮

પ્રકાશક
શ્રીનેમિવિજ્ઞાનકસ્તૂરસૂરિજ્ઞાનમંદિરના
સંચાલકો તરફથી
શાન્તિલાલ ચીમનલાલ સંઘવી

# ઉત્થાનિકા

આજથી બાર વર્ષ ઉપર "ભારત સેવાશ્રમ સંઘ"ની અહીંની (સુરતની) એક શાખાના બાહોશ અને માયાળુ સંચાલક મહાનુભાવ સ્વામી આત્મસ્વરૂપાનંદે મને પ્રશ્ન પૂછ્યો કે જૈન દર્શનનો સંક્ષેપમાં પણ સચોટ રીતે બોધ કરાવે એવું કોઇ પુસ્તક છે? મેં ઉત્તર આપ્યો કે **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર.** એના કર્તા ઇત્યાદિ વિષે પ્રશ્ન કરાતાં મેં કહ્યું કે એ વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ સંસ્કૃતમાં સૂત્રાત્મક શૈલીમાં રચેલું છે. એ વિક્રમની ત્રીજી શતાબ્દી જેટલું તો પ્રાચીન છે જ અને એ તમામ જૈનોને-શ્વેતાંબરોને તેમ જ દિગંબરોને પણ આદરણીય છે. એના ઉપર સંસ્કૃતમાં ભાષ્ય તેમ જ સંસ્કૃતાદિમાં વિવિધ વિવરણો છે. આ સાંભળી એમણે કહ્યું કે ગુજરાતીમાં કોઇ સૂત્રાત્મક પુસ્તક હોય અને તે જૈન તેમ જ અજૈન દર્શનો વચ્ચેની સમાનતા તથા વિશિષ્ટતા ઉપર ટૂંકમાં યથોચિત પ્રકાશ પાડે તેમ હોય તો જણાવો. મારે સખેદ કહેવું પડ્યું કે આવું કોઇ પુસ્તક મારા જોવાજાણવામાં નથી. આ વાતચીત બાદ મને એ વિચાર આવ્યો કે **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** જેવા ઉત્તમ સર્જનને

સામે રાખી મારે આ દિશામાં પ્રયાસ કરવો. આનું ફળ તે "હિંદુ મિલન મંદિર" નામના માસિકમાં "જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન"ના નામથી નીચે મુજબ છ કટકે પ્રસિદ્ધ થયેલી મારી લેખમાળા છે :–

| લેખનું નામ | સૂત્રાંક | અંક | માસ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧. પદાર્થ | ૧–૯ | વ. ૮, અં. ૨ | ફેબ્રુઆરી | ૧૯૫૬ |
| ૨. જ્ઞાન અને જ્ઞાતા | ૧૦–૩૧ | વ. ૮, અં. ૩ | માર્ચ | ,, |
| ૩. અચેતન પદાર્થો અને કર્મ | ૩૨–૬૯ | વ. ૮, અં. ૪ | એપ્રિલ | ,, |
| ૪. શરીર, પર્યાપ્તિ, પ્રમાણ અને નય | ૭૦–૮૮ | વ. ૮, અં. ૫ | મે | ,, |
| ૫. નયાભાસ અને સ્યાદ્વાદ | ૮૯–૯૬ | વ. ૮, અં. ૬ | જુન | ,, |
| ૬. મહાવ્રતો અને મુક્તિ | ૯૭–૧૪૦ | વ. ૮, અં. ૭ | જુલાઈ | ,, |

આમ આ લેખમાળામાં ૧૪૦ સૂત્રો અને ખપપૂરતું ભાષ્યરૂપ વિવેચન છે. એ પ્રસિદ્ધ થયા બાદ એ મેં કેટલાક

જૈન આચાર્યોને બતાવી તો તેમણે પોતાને આ પસંદ પડી છે અને પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરવા જેવી છે એમ મને સાનંદ જણાવ્યું. એથી પ્રસ્તુત સૂત્રોના સમર્થનરૂપે જૈન દર્શનાદિના મૌલિક ગ્રન્થોમાંથી અવતરણો આપવાનો તેમ જ કેટલુંક વિવેચન ઉમેરવાનું મને મન થયું એટલું જ નહિ પણ આ લખાણ અંગ્રેજીમાં રજૂ કરવાનો પણ વિચાર ઉદ્ભવ્યો, પરંતુ આજ દિન સુધી તો આ દિશામાં વિશેષ પ્રગતિ થઈ શકી નથી–થોડાક જ ઉમેરા કરાયા છે. દા. ત. સૂ. ૯૫ પછી એક સૂત્ર મેં નવું યોજ્યું છે તેમ જ "સમર્થક ઉલ્લેખો" નામનું એક પરિશિષ્ટ મેં તૈયાર કર્યું છે. આ પરિશિષ્ટ દિશાસૂચનરૂપ છે.

ત્રણેક વર્ષ ઉપર શ્રીવિજયકસ્તૂરસૂરિજીના વિનેય શ્રી-ચન્દ્રોદયવિજયજી ગણિએ આના પ્રકાશનાર્થે પ્રયાસ કર્યો હતો પરંતુ એ ત્યારે તો સફળ ન થયો કિન્તુ એમને હાલમાં 'ઉપાધ્યાય' પદવી મળતાં આ વાત મેં યાદ કરાવી એટલે તરત જ એમણે આના પ્રકાશનાર્થે "શ્રી નેમિ–વિજ્ઞાન–કસ્તૂરસૂરિજ્ઞાન-મંદિર"ના સંચાલક શ્રીશાન્તિલાલ ચીમનલાલ સંઘવીને પ્રેરણા કરી. એ બદલ એમનો અને સાથે સાથે "હિંદુ મિલન મંદિર"ના તંત્રીશ્રી સ્વામી વેદાનન્દે આ લેખમાળા છપાવવાની મને અનુજ્ઞા આપી તે માટે એમનો પણ ઉપકાર માનું છું.

આંખની તકલીફ વગેરે કારણોને લઇને આ કૃતિ તપાસી જોવાનું બને તેમ હતું નહિ. આથી આમાં ક્ષતિઓ–ત્રુટિઓ

રહેવા ન પામે એ ઇરાદે મેં દર્શનવેત્તા પં. સુખલાલજીને અને દ્વાદશારનયચક્રના સમર્થ સંપાદક મુનિશ્રી જંબૂવિજયજીને આ મુદ્રિત લખાણ જોઇ જવા વિજ્ઞપ્તિ કરી હતી. એ બંને વિદ્વાનોએ એનો પ્રત્યુત્તર સત્વર લખી મોકલાવવા કૃપા કરી હતી. મુનિશ્રી જંબૂવિજયજીએ આમુખ લખી આપી મને ઉપકૃત કર્યો છે. વિશેષમાં સમગ્ર લખાણ જોઇ જઇ 'શાન્તમૂર્તિ' જૈનાચાર્ય શ્રીમાણિક્યસાગરસૂરિજીએ મને જે કેટલીક અંગત સૂચનાઓ કરી છે તે બદલ હું એમનો ઋણી છું.

ઘર નં. ૧૫૭૮, કાયસ્થ મહોલ્લો, ગોપીપરું, સુરત-૨.
તા. ૧૫-૫-'૬૮

હીરાલાલ ર. કાપડિયા

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| આમુખ | ૩–૭ |
| પ્રકાશકીય | ૮–૧૦ |
| ઉત્થાનિકા | ૧૧–૧૫ |
| અશુદ્ધિઓનું શોધન | ૧૬ |
| ૧૪૧ સૂત્રો અને એનું ભાષ્ય | ૧–૫૯ |
| પરિશિષ્ટ : સમર્થક ઉલ્લેખો | ૬૦–૬૪ |

# અશુદ્ધિઓનું શોધન

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૧૪ | મુક્ત | ૦ |
| ,, | ૧૭ | એ જ ધ્રુવ | એ ધ્રુવ જ |
| ૧૯ | ઉપાન્ત્ય | ળમૂ | મૂળ |
| ૨૯ | ૧૭ | જ | ૦ |
| ૩૧ | ૧૯ | અને | ૦ |
| ,, | ૨૦ | નૈયાયિકો | ૦ |
| ૩૭ | ૨ | નયોની | નયોના |
| ,, | ૧૬ | દુઃખ | દુગ |
| ,, | ૨૨ | અંશે વિચારી | અંશ વિચાર |
| ૩૮ | ૧૯ | તે | તે મૂળે |
| ,, | ૨૦ | એ | એ મૂળે |
| ૩૯ | ૬ | જે | છે |
| ૫૭ | ૬ | સાત | સાતઆઠ |
| ૬૦ | ૧૧ | દ્વિવિધોણઽષ્ટ૦ | દ્વિવિધોઽષ્ટ૦ |

# જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન

ઉપક્રમ — આપણા આ 'ભારત' દેશમાં વિવિધ દર્શનો ઉદ્ભવ્યાં છે. જેમકે ચાર્વાક, સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક, મીમાંસક, વેદાંત, બૌદ્ધ અને જૈન. આ તમામ દર્શનો બધી જ બાબતમાં એક જ મત ધરાવે છે અથવા તો દરેકે દરેક બાબતમાં જુદાં પડે છે એમ નથી.

જૈન દર્શનનાં મંતવ્યો મિતાક્ષરી સ્વરૂપે—સુપ્રસિદ્ધ સૂત્રાત્મક શૈલીમાં વાચકવર્ય ઉમાસ્વાતિએ સંસ્કૃતમાં **તત્ત્વાર્થાધિગમસૂત્ર** નામની કૃતિમાં દર્શાવ્યાં છે. આવું કાર્ય કોઈએ ગુજરાતીમાં કર્યાનું જાણવામાં નથી એટલે એ દિશામાં મારો આ નમ્ર પ્રયાસ છે. ઉપર્યુક્ત ઉમાસ્વાતિએ પ્રત્યેક સૂત્ર ઉપર સંક્ષિપ્ત ભાષ્ય રચી વિષયને વિશદ બનાવ્યો છે. હું પણ અહીં કેટલીક બાબતો સહેલાઈથી સમજાય તે માટે સૂત્ર ઉપર ટૂંકું વિવેચન કરીશ. તેમ કરતી વેળા જૈન દર્શનનાં મંતવ્યોને—મૂળભૂત સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી અજૈન દર્શનોની વિશિષ્ટતાઓ દર્શાવનારી વિગતો હું તુલનાર્થે રજૂ કરીશ, પરંતુ તેમ કરવા માટે એ અજૈન દર્શનોનાં મૌલિક ગ્રંથો જોઈ જવાનું બની શકે તેમ નહિ હોવાથી અન્ય કૃતિઓના આધારે એ કાર્ય હું કરીશ.

મેં આ નિબંધમાં જે પદ્ધતિએ તુલનાત્મક અવલોકન કરવા ધાર્યું છે તે રીતે એટલે કે અજૈન ભારતીય દર્શનો પૈકી

ગમે તે એકને મુખ્ય ગણી તેના સિદ્ધાંતો સૂત્રરૂપે દર્શાવી અન્ય દર્શનોનું એ સંબંધમાં કંઈ વિશેષ કહેવાનું હોય તો તેની નોંધ લઈ લઘુ નિબંધો યોજાશે તો ભારતીય દર્શનોના અભ્યાસીઓનો માર્ગ સુગમ થશે. આથી તે તે દર્શનના વિદ્વાનોને મારી સાદર વિજ્ઞપ્તિ છે કે તેઓ આવું કાર્ય હાથ ધરે.

**( ૧ ) જગત્ અનાદિ અનંત છે.**

જગત્ કોઈકે રચ્યું છે અને એ રચનાર સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈશ્વર હોવાનું કેટલાક માને છે. દા. ત. નૈયાયિકો, વૈશેષિકો, પાતંજલ–નવીન સાંખ્યો, મુસ્લિમો અને ખ્રિસ્તીઓ. કેટલાકના મતે બ્રહ્માએ જગત્ રચ્યું છે અને શંકર એના સંહારક છે. જૈન દર્શન પ્રમાણે જગત્ કદી રચાયું નથી અને કદી પણ એનો નાશ થનાર નથી.

**( ૨ ) પદાર્થોનો મેળો તે 'જગત્'.**

**( ૩ ) જે ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવતાથી યુક્ત હોય તે 'પદાર્થ' છે.**

'વેદાન્ત' યાને ઔપનિષદ શાંકર મત પ્રમાણે સંપૂર્ણ સત્ પદાર્થ અર્થાત્ બ્રહ્મ એ જ ધ્રુવ યાને નિત્ય છે.

'બૌદ્ધ' દર્શન પ્રમાણે સત્ પદાર્થ અનિત્ય છે અર્થાત્ એ ઉત્પત્તિ અને વિનાશ એ બેથી જ યુક્ત છે. એ મત પ્રમાણે પદાર્થ નિરન્વય ક્ષણિક છે.

'સાંખ્ય' દર્શન પ્રમાણે પુરુષરૂપ પદાર્થ સર્વાંશે ધ્રુવ છે યાને કૂટસ્થ નિત્ય છે, જ્યારે પ્રકૃતિરૂપ પદાર્થ પરિણામી નિત્ય અર્થાત્ નિત્યાનિત્ય છે.

'નૈયાયિક' અને 'વૈશેષિક' દર્શનો પ્રમાણે જીવ, પરમાણુ, કાળ વગેરે પદાર્થો કૂટસ્થ નિત્ય છે તો ઘડો, વસ્ત્ર વગેરે અનિત્ય છે.[1]

'જૈન' દર્શન પ્રમાણે તો બધા જ પદાર્થો—જીવો સુદ્ધાં ઉત્પત્તિ આદિ ત્રણ સ્વરૂપવાળા છે.

**( ૪ ) પદાર્થના બે અંશ છે : સ્થાયી અને વિનશ્વર. પહેલાને 'ગુણ' અને બીજાને 'પર્યાય' કહે છે.**

ગુણ અને પર્યાય એ બંને નિર્ગુણ છે. એ બંનેનો આશ્રય જો કે પદાર્થ જ છે છતાં ગુણ એ પદાર્થમાં સદાયે રહે છે—એને કદી છોડી જતો નથી જ્યારે પર્યાય પદાર્થને છોડી જાય છે. ગુણ સહભાવી છે અને પર્યાય ક્રમભાવી છે. ગુણ એટલે પરિણામ ઉત્પન્ન કરવાની શક્તિ. એ ગુણથી જે પરિણામ ઉત્પન્ન થાય તેને 'પર્યાય' કહે છે. પર્યાયને લઇને પદાર્થ ઉત્પત્તિ અને વિનાશથી યુક્ત છે, જ્યારે ગુણને લઇને એ ધ્રુવ છે.

'પદાર્થ' કહો કે 'દ્રવ્ય' કહો તે એક જ છે.

**( ૫ ) પદાર્થ બે પ્રકારના છે : સચેતન અને અચેતન.**

સચેતન પદાર્થને ચેતન, જીવ, આત્મા, પ્રાણી વગેરે કહેવામાં આવે છે. અચેતન પદાર્થનું બીજું નામ 'અજીવ' છે. એને 'જડ' પણ કહે છે.

---

(૧) જુઓ તત્ત્વાર્થસૂત્ર ( અ. ૫, સૂત્ર ૨૯)નું પં. સુખલાલ-કૃત ગુજરાતી વિવેચન ( પૃ. ૨૨૬, દ્વિતીય આવૃત્તિ ).

**( ૬ ) આ બંને પદાર્થો સ્વભાવે સ્વતંત્ર અને સંખ્યાતીત છે.**

કેટલાક આધુનિક વૈજ્ઞાનિકોનું માનવું છે કે અચેતન પદાર્થ કાલાંતરે સચેતન બની શકે છે. ચાર્વાકોને મતે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતોમાંથી અથવા તો આકાશને પણ ગણતાં પાંચ ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. આ વાત જૈન દર્શનને માન્ય નથી.

**( ૭ ) જીવનું લક્ષણ બોધ છે.**

" જે જીવે છે તે જીવ " એ વ્યુત્પત્તિ જૈન મતે અપૂર્ણ છે. એના મતે તો જે જીવે છે, જીવ્યો છે અને જીવશે તે 'જીવ' છે.

બોધ એટલે સાકાર તેમ જ નિરાકાર જ્ઞાન. જૈન પરિભાષામાં બોધને 'ઉપયોગ' કહે છે. સાંખ્યો જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ ગણે છે અને એમને મતે મુક્ત જીવો જ્ઞાનથી રહિત છે.

**( ૮ ) જીવો બે પ્રકારના છે : સંસારી અને મુક્ત.**

**( ૯ ) સંસારી જીવના બે પ્રકાર છે : સરાગ અને વીતરાગ.**

જીવનો કર્મરૂપ જડ પદાર્થ સાથેનો સંયોગ તે 'સંસાર' છે.

સરાગ જીવોમાં રાગ અને દ્વેષની એટલે કે ક્રોધ અને માનની તેમ જ માયા અને લોભની ઓછીવત્તી માત્રા રહેલી હોય છે. વીતરાગ જીવોમાં રાગ અને દ્વેષનો સર્વથા અભાવ હોય છે.

**(૧૦) બોધ સ્વ–પર–પ્રકાશક છે.**

જેમ દીવો અન્ય પદાર્થો ઉપર પ્રકાશ પાડે છે–તેને દેખાડે છે તેમ એ પોતાના ઉપર પણ પ્રકાશ પાડે છે એટલે કે એને જોવા માટે બીજા દીવાની જરૂર રહેતી નથી. એવી રીતે જ્ઞાન એ અન્ય પદાર્થોને જણાવે છે એટલે એ પરપ્રકાશક છે અને સાથે સાથે એ પોતાને પણ જણાવે છે એથી એ 'સ્વપ્રકાશક' પણ છે. બૌદ્ધોની 'યોગાચાર' શાખા કે જેને 'જ્ઞાનાદ્વૈત' પણ કહે છે તે જ્ઞાનને સ્વપ્રકાશક જ માને છે જ્યારે નૈયાયિકો અને મીમાંસકો એને કેવળ પરપ્રકાશક માને છે. આમાંથી એકે માન્યતા જૈનોને માન્ય નથી. એમના મતે તો જ્ઞાન સ્વ અને પર એમ ઉભયપ્રકાશક છે.

**(૧૧) બોધના બે પ્રકાર છે: સામાન્ય અને વિશેષ.**

સામાન્ય બોધ તે 'નિરાકાર' બોધ છે અને એને 'દર્શન' કહે છે, જ્યારે વિશેષ બોધ તે 'સાકાર' છે અને એને 'જ્ઞાન' કહે છે. દર્શન એ 'નિર્વિકલ્પક' બોધ છે અને જ્ઞાન એ 'સવિકલ્પક' બોધ છે.

**(૧૨) જ્ઞાનના પાંચ પ્રકાર છે: મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ.**

મતિજ્ઞાનનો વિષય વિદ્યમાન પદાર્થ છે. એ જ્ઞાન શબ્દોલ્લેખથી રહિત છે—એમાં શબ્દનો ઉલ્લેખ હોતો નથી.

શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. એનો વિષય ત્રણે કાળના પદાર્થો છે. એ જ્ઞાન શબ્દોલ્લેખથી યુક્ત છે. વળી એ શ્રુતજ્ઞાન

મતિજ્ઞાન કરતાં વધારે પરિપકવ છે. આ બંને જ્ઞાનમાં ઇન્દ્રિય અને મન નિમિત્તરૂપ છે.

અવધિજ્ઞાનનો વિષય બધા [1]રૂપી પદાર્થો (પુદ્દગલો) અને એના કેટલાક પર્યાયો છે. આ જ્ઞાન clairvoyanceથી ભિન્ન છે.

મનઃપર્યવજ્ઞાનને 'મનઃપર્યાયજ્ઞાન' પણ કહે છે. એનો વિષય કેવળ મનરૂપી પદાર્થ છે. અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન વધારે વિશુદ્ધ છે કેમ કે એ પોતાના વિષયનું વધારે ઊંડું-જ્ઞાન કરાવે છે.

મનઃપર્યવજ્ઞાની મનનો આકાર જાણે છે—એને એનો સાક્ષાત્કાર થાય છે અને એ આકાર ઉપરથી અનુમાન કરી એ સામાએ મનમાં ચિન્તવેલી વસ્તુ જાણે છે. એ જ્ઞાન mental telepathyથી ભિન્ન છે.

કેવલજ્ઞાન કહો કે સર્વજ્ઞતા કહો તે એક જ છે. એ જ્ઞાનના ધારકને 'કેવલજ્ઞાની', 'કેવલી' તેમ જ 'સર્વજ્ઞ' કહે છે.

(૧૩) **પહેલાં બે જ્ઞાન પરોક્ષ છે; બાકીનાં પ્રત્યક્ષ છે.**

જે જ્ઞાન મેળવવામાં આત્માને ઇન્દ્રિય કે મન કે બંનેની મદદ લેવી પડે—જે જ્ઞાન માટે આત્માને અન્ય સાધન ઉપર આધાર રાખવો પડે તે જ્ઞાન 'પરોક્ષ' છે, જ્યારે જે જ્ઞાન આત્માને સ્વતંત્ર રીતે—ઇન્દ્રિયાદિની મદદ લીધા વિના થાય તે 'પ્રત્યક્ષ' છે.

---

૧ વર્ણવાળા—સ્પર્શ, રસ અને ગંધવાળા પદાર્થ 'રૂપી' ગણાય છે.

નૈયાયિકો વગેરે ઇન્દ્રિયજન્ય જ્ઞાનને ‘પ્રત્યક્ષ’ કહે છે. જૈન મતે એ ‘પરોક્ષ’ છે. તેમ છતાં એને ‘સાંવ્યવહારિક પ્રત્યક્ષ’ તરીકે ઓળખાવવામાં અને યથાર્થ પ્રત્યક્ષને ‘પારમાર્થિક પ્રત્યક્ષ’ કહેવામાં જૈનોને વાંધો નથી.

**(૧૪) કેવલજ્ઞાન સંપૂર્ણ, અદ્વિતીય અને સર્વથા વિશુદ્ધ છે અને એના અધિકારી વીતરાગ છે, જ્યારે બાકીનાં ચારે જ્ઞાન અપૂર્ણ અને અનેક પ્રકારનાં છે અને એના અધિકારી સરાગ (છદ્મસ્થ) જીવો છે.**

કેવલજ્ઞાન ત્રણે કાળના પદાર્થોનો અને એકે એક પર્યાયનો— ભાવનો પૂરેપૂરો સાક્ષાત્કાર કરાવે છે.

દેવો, નારકો, તિર્યંચો અને મનુષ્યો પૈકી ફક્ત મનુષ્યો અને તે પણ ઓછાંમાં ઓછાં લગભગ નવ વર્ષની વયના જ કેવલજ્ઞાન મેળવી શકે. જે ભવમાં કેવલજ્ઞાન મળે તે જ ભવમાં મોક્ષ પણ મળે છે.

**(૧૫) શ્રુતના બે પ્રકાર છે : દ્વાદશાંગી અને અન્ય શાસ્ત્રો.**

તીર્થંકરો અનંત થઇ ગયા છે અને અનંત થશે. પ્રત્યેક તીર્થંકર એમના પૂર્વવર્તી તીર્થંકરે પ્રરૂપેલાં સનાતન સત્યનો ઉપદેશ આપે છે અને એ ઉપદેશોમાં એકવાક્યતા હોય છે, કેમ કે એ તમામ ઉપદેશકો સર્વજ્ઞ છે. આ મહામૂલ્યશાળી ઉપદેશને તીર્થંકરના બહુશ્રુત શિષ્યો–ગણધરો સાક્ષાત્ સાંભળી મુમુક્ષુઓના કલ્યાણાર્થે એકેક દ્વાદશાંગી યાને બાર અંગોનો સમૂહ રચે છે. કાલાંતરે અન્ય આપ્ત જનો પણ અલ્પ બુદ્ધિ-

શાળી વ્યક્તિઓને માટે અન્ય શાસ્ત્રો આ દ્વાદશાંગીને આધારે રચે છે. આ તમામ રચનાઓ 'લોકોત્તર' શ્રુત છે જ્યારે કાવ્ય, નાટક ઇત્યાદિ લૌકિક વિષયના ગ્રંથો રચાયા છે અને રચાય છે તે 'લૌકિક' શ્રુત છે.

**(૧૬) શ્રુતના સમ્યક્-શ્રુત અને મિથ્યાશ્રુત એમ પણ બે પ્રકારો છે.**

આ બંને પ્રકારના શ્રુતનો બે રીતે વિચાર કરાય છે:

(અ) પ્રણેતા અને વિષયની દૃષ્ટિએ દ્વાદશાંગી વગેરે જૈન આગમો એ 'સમ્યક્-શ્રુત' છે, જ્યારે અજૈનોએ રચેલાં શાસ્ત્રો 'મિથ્યા-શ્રુત' છે.

(આ) અધિકારીની દૃષ્ટિએ તો અમુક હદ સુધીનું સમ્યક્-શ્રુત મિથ્યાશ્રુતરૂપે પણ પરિણમે અને મિથ્યાશ્રુત સમ્યક્-શ્રુત રૂપે પણ પરિણમે. કોઇ પણ શાસ્ત્ર કે ગ્રંથ એકાંતે સૌ કોઇને એક જ પ્રકારનું માર્ગદર્શન કરાવી શકે નહિ. એ તો અધિકારીની યોગ્યતા અયોગ્યતા ઉપર અવલંબે છે. અધિકારીને સાચી દૃષ્ટિ સાંપડી હોય—એ સમ્યગ્દૃષ્ટિ હોય તો એ પ્રણેતા અને વિષયની દૃષ્ટિએ મિથ્યાશ્રુત ગણાતા શ્રુતથી પણ સમ્યક્શ્રુત જેવો જ લાભ ઉઠાવી શકે જ્યારે અધિકારીની દૃષ્ટિ દોષવાળી હોય—એ મિથ્યાદૃષ્ટિ હોય તો તેને ઉપર્યુક્ત દ્વાદશાંગીનો અમુક ભાગ છોડીને બાકીનો પણ મિથ્યાશ્રુતની ગરજ સારે. અધિકારી સમ્યગ્દૃષ્ટિ હોય અને એને પ્રણેતા તેમ જ વિષયની દૃષ્ટિએ સમ્યક્-શ્રુત ગણાતા શ્રુતનો લાભ લેવાનો પ્રસંગ મળે તો સુવર્ણ અને સુગંધના જેવો સુભગ સુયોગ સાંપડેલો ગણાય.

**(૧૭) સામાન્ય બોધના ચાર પ્રકાર છે: નેત્ર-દર્શન, અનેત્ર-દર્શન, અવધિ-દર્શન અને કેવલ-દર્શન.**

રૂપી પદાર્થોનો જે સામાન્ય બોધ આંખ વડે થાય તે 'નેત્ર-દર્શન' યાને 'ચક્ષુર્દર્શન' છે. આંખ સિવાયની કોઇ પણ ઇન્દ્રિય દ્વારા કે મન દ્વારા રૂપી પદાર્થોનો જે સામાન્ય બોધ થાય તે 'અનેત્ર-દર્શન' છે. 'અવધિ'રૂપ લબ્ધિથી થતો સામાન્ય બોધ 'અવધિ-દર્શન' છે. 'કેવલ' લબ્ધિથી થતો સર્વે પદાર્થોનો સામાન્ય બોધ તે 'કેવલ-દર્શન' છે, અને એ તો સમ્યક્ત્વ હોય તો જ થાય છે.

**(૧૮) ઇન્દ્રિયો પાંચ છે: સ્પર્શન, રસન, નાક, નેત્ર અને કાન.**

સ્પર્શન એટલે ચામડી અને રસન એટલે જીભ.

સાંખ્યો ઉપર્યુક્ત પાંચ ઇન્દ્રિયોને 'બુદ્ધીન્દ્રિય' યાને 'જ્ઞાનેન્દ્રિય' કહે છે. તેઓ આ ઉપરાંત પાંચ કર્મેન્દ્રિયો ગણાવે છે અને [1]મનને 'બુદ્ધીન્દ્રિય' તેમ જ 'કર્મેન્દ્રિય' પણ ગણે છે પરંતુ જૈન મતે એ ઇન્દ્રિય નથી.

**(૧૯) સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ અને શબ્દ એ પાંચ ઇન્દ્રિયના અનુક્રમે વિષય છે.**

સ્પર્શના આઠ પ્રકાર છે: કઠણ, કોમળ, ભારે, હલકો, ઠંડો, ઊનો, ચીકણો અને લૂખો.

---

૧. મન બુદ્ધીન્દ્રિય સાથે મળે ત્યારે એને 'બુદ્ધીન્દ્રિય' કહે છે અને કર્મેન્દ્રિય સાથે મળે ત્યારે એને 'કર્મેન્દ્રિય' કહે છે.

રસના પાંચ પ્રકાર છે : કડવો, તીખો, તૂરો (કષાય), ખાટો અને મીઠો.

ગન્ધના બે પ્રકાર છે : સુગન્ધ અને દુર્ગન્ધ.

વર્ણના પાંચ પ્રકાર છે : કાળો, લીલો (નીલ), લાલ, પીળો અને ધોળો.

**( ૨૦ ) નેત્ર સિવાયની ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે.**

વસ્તુનો બોધ થવામાં નેત્ર સિવાયની ચારે ઇન્દ્રિયોને એ વસ્તુ સાથેનો સંયોગ આવશ્યક છે. આથી એને 'પ્રાપ્યકારી' કહે છે.

નેત્ર યોગ્ય સંનિધાનથી અને મન અવધાનથી પોતપોતાના વિષયને જાણે છે. એમાં વિષય સાથેનો સાક્ષાત્ સંયોગ અપેક્ષિત નથી. એથી એ બંને 'અપ્રાપ્યકારી' ગણાય છે.

નૈયાયિકો, વૈશેષિકો, મીમાંસકો અને સાંખ્યો બધી જ ઇન્દ્રિયોને અને બૌદ્ધો, નેત્ર અને કાન સિવાયની ઇન્દ્રિયોને 'પ્રાપ્યકારી' માને છે.

**( ૨૧ ) ઇન્દ્રિયોની સંખ્યા પ્રમાણે સંસારી જીવના પાંચ ભેદ છે : એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય.**

એકેન્દ્રિય જીવને ફક્ત સ્પર્શન, દ્વીન્દ્રિયને સ્પર્શન અને રસન, ત્રીન્દ્રિયને સ્પર્શન, રસન અને નાક, ચતુરિન્દ્રિયને આ ઉપરાંત નેત્ર અને પંચેન્દ્રિયને કાન પણ હોય છે.

**(૨૨) એકેન્દ્રિય જીવો પાંચ પ્રકારના છે: પૃથ્વી-કાય, જલ-કાય, અગ્નિ-કાય, વાયુ-કાય અને વનસ્પતિ-કાય.**

જે જીવનું શરીર પૃથ્વી છે તેને 'પૃથ્વી-કાય' કહે છે. એ રીતે જે જીવનું શરીર જલ યાને પાણી છે તેને 'જલ-કાય' યાને 'અપ્-કાય' કહે છે. આ પ્રમાણે અગ્નિ-કાય વગેરે માટે સમજી લેવું.

**(૨૩) વનસ્પતિકાયના બે પ્રકાર છે: પ્રત્યેક અને સાધારણ.**

ફળ, ફૂલ, છાલ, થડ, મૂળ, પત્ર અને બીજ એ દરેકમાં એકેક જ જીવ હોય તો તે 'પ્રત્યેક વનસ્પતિકાય' છે, જ્યારે જે જીવનું શરીર અનંત જીવોની ભાગીદારીવાળું હોય તે જીવને 'સાધારણ વનસ્પતિકાય' કહે છે અને એ શરીરને 'નિગોદ' કહે છે. આહાર, શ્વાસોચ્છ્વાસ ઇત્યાદિ ક્રિયાઓ આ અનંત જીવો ભેગી—સમકાળે કરે છે.

**(૨૪) નિગોદના જીવોના તેમ જ પૃથ્વીકાયથી માંડીને વાયુકાયના બબ્બે ભેદ છે: સૂક્ષ્મ અને સ્થૂળ.**

સ્થૂળને 'બાદર' કહે છે.

સ્થૂળ નિગોદના જીવને 'અનંતકાય' પણ કહે છે. કાંદા, સૂરણ વગેરે એનાં ઉદાહરણ છે. એ અને એવા બીજા જે કંદ અનંતકાય છે એ જૈન મતે અભક્ષ્ય છે.

**(૨૫) સૂક્ષ્મ નિગોદના જીવો સૌથી ઊતરતી કોટિના છે.**

સૂક્ષ્મ નિગોદની દશામાંથી સંસારી જીવનું નીકળવું એ એનો પ્રાથમિક ઉત્કર્ષ છે, જ્યારે મોક્ષની પ્રાપ્તિ એ એનો

અંતિમ અને અદ્વિતીય ઉત્કર્ષ છે. પ્રથમ ઉત્કર્ષ ભવિતવ્યતાના યોગે સધાય છે, જ્યારે ત્યાર પછીના તમામ ઉત્કર્ષ ઓછાવત્તા પ્રયાસને આભારી છે. એ ઉત્તરવર્તી દશાને પ્રાપ્ત થયેલા જીવને 'વ્યવહારરાશિ'નો જીવ કહે છે.

આપણે મનુષ્યો, પશુઓ, પંખીઓ સૂક્ષ્મ નિગોદમાં એક વેળા હતા પણ આજે નથી એમ જૈન દર્શનનું કહેવું છે. આપણી એ પૂર્વ અવસ્થા તે 'અવ્યવહાર-રાશિ'ની ગણાય છે.

સૂક્ષ્મ નિગોદના જીવને પણ ઓછામાં ઓછું જ્ઞાન હોય છે, અને એ રીતે એ અજીવ પદાર્થથી ભિન્ન છે.

**(૨૬) પંચેન્દ્રિય જીવોના ચાર વર્ગ છે: મનુષ્ય, દેવ, નારક અને કેટલાંક તિર્યંચ.**

'કેટલાંક' કહેવાનું કારણ એ છે કે એકેન્દ્રિયથી માંડીને ચતુરિન્દ્રિય સુધીના જીવો પણ 'તિર્યંચ' કહેવાય છે. પશુ, પંખી, મગર, સાપ, નોળિયો વગેરે પંચેન્દ્રિય તિર્યંચ છે.

**(૨૭) મન અનિન્દ્રિય છે અને એ શરીરની અંદર સર્વત્ર છે.**

સ્પર્શનથી કાન સુધીની પાંચે ઇન્દ્રિયો જ્ઞાનનાં બાહ્ય સાધન છે, જ્યારે મન એ જ્ઞાનનું આંતરિક સાધન છે, અને એથી તો એને 'અંતઃકરણ' પણ કહે છે. કરણનો અર્થ 'ઇન્દ્રિય' પણ થાય છે.

પાંચે ઇન્દ્રિયોનો વિષય ફક્ત રૂપી યાને મૂર્ત પદાર્થો પૂરતો છે, જ્યારે મનનો વિષય આવી રીતે પરિમિત નથી. એ તો અરૂપી પદાર્થોનું પણ ગ્રહણ કરે છે.

રૂપ આદિ વિષયોનું ગ્રહણ કરવા માટે મનને નેત્ર વગેરેની મદદ લેવી પડે છે. આથી એને 'નોઇન્દ્રિય' અર્થાત્ 'ઈષત્-ઈન્દ્રિય' પણ કહે છે. ઈષત્ એટલે 'કંઈક'.

વૈશેષિક દર્શન પ્રમાણે મન પરમાણુ જેવડું છે, જ્યારે જૈનોને—શ્વેતાંબરોને મતે એ દેહવ્યાપી છે-દેહમાં સર્વત્ર છે.

**(૨૮) મનના બે પ્રકાર છે: દ્રવ્ય-મન અને ભાવ-મન.**

આત્માની અનેક શક્તિ છે. એ પૈકી એની વિચાર કરવાની શક્તિને 'ભાવ-મન' કહે છે, જ્યારે વિચાર કરવામાં મદદ કરનારા એક જાતના સૂક્ષ્મ પરમાણુઓને 'દ્રવ્ય-મન' કહે છે.

**(૨૯) સંપ્રધારણ સંજ્ઞાવાળા જીવોને મન હોય છે.**

ગુણ અને દોષની વિચારણા અર્થાત્ હિતાહિતની વિશિષ્ટ વિચારણા તે 'સંપ્રધારણ-સંજ્ઞા' છે. એકેન્દ્રિયથી માંડીને ચતુરિન્દ્રિય સુધીના જીવોને મન હોતું નથી. પંચેન્દ્રિય જીવોમાં પણ બધા દેવો અને બધા નારકોની પેઠે બધા જ મનુષ્યને કે બધાં જ તિર્યંચને મન હોતું નથી.[૧] એ તો ગર્ભજ મનુષ્યોને અને ગર્ભજ તિર્યંચોને જ હોય છે. કીડી વગેરેને સૂક્ષ્મ મન હોય છે પરંતુ એ પુષ્ટ નથી. એથી અહીં એવા જીવોને 'અસંજ્ઞી' યાને 'અમનસ્ક' કહ્યા છે.

**(૩૦) મનુષ્યોના અને તિર્યંચોના જન્મના બબ્બે પ્રકાર છે: ગર્ભ અને સંમૂર્ચ્છન.**

---

૧ કેટલાક જંતુઓને પણ સૂક્ષ્મ મન હોય છે પરંતુ એ દ્વારા તે પોતાના દેહના નિર્વાહ અને રક્ષણ પૂરતો જ વિચાર કરી શકે છે, નહિ કે વધારે ચિન્તનાત્મક બાબત. જુઓ **જ્ઞાનબિન્દુ** (પૃ. ૧૪૪).

સ્ત્રી-પુરુષના સમાગમ વિના જે મનુષ્ય કે તિર્યંચ ઉત્પન્ન થાય તેને 'સંમૂર્ચ્છિમ' કહે છે, જ્યારે બાકીનાંને 'ગર્ભજ' કહે છે.

**(૩૧) ઔપપાતિક જીવોના દેવો અને નારકો એમ બે પ્રકાર છે.**

દેવોના અને નારકોના જન્મમાં પણ સ્ત્રી અને પુરુષના સમાગમનો અભાવ છે. એમનો જન્મ 'ઉપપાત' કહેવાય છે અને એથી એમને 'ઔપપાતિક' કહે છે.

દેવો અને નારકો 'વૈક્રિય' તરીકે ઓળખાવાતા પુદ્ગલોને અને બાકીના સંસારી જીવો 'ઔદારિક' તરીકે ઓળખાવાતા પુદ્ગલોને ઉત્પત્તિસ્થાનમાં સૌથી પ્રથમ ગ્રહણ કરે છે. આ પ્રથમ ગ્રહણ તે 'જન્મ' કહેવાય છે.

**(૩૨) અચેતન પદાર્થોના ચાર વર્ગ છે: આકાશ, પુદ્ગલ, ધર્મ અને અધર્મ.**

દિગંબરો આ ઉપરાંત 'કાળ' ગણાવે છે. શ્વેતાંબરોના મતે કાળ એ 'ઔપચારિક' દ્રવ્ય છે.

**(૩૩) આકાશના બે પ્રકાર છે: લોક અને અલોક.**

લોકાકાશમાં તમામ જાતના પદાર્થો છે જ્યારે અલોકાકાશમાં કેવળ આકાશ છે. વિશેષમાં લોકાકાશનો દરેકે દરેક પ્રદેશ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો-સૂક્ષ્મ નિગોદના જીવ વગેરેથી તથા કાર્મણ વર્ગણા વગેરેથી વ્યાપ્ત છે. ત્રસ જીવો અર્થાત્ એકેન્દ્રિય સિવાયના સંસારી જીવો લોકાકાશના 'ત્રસ-નાડી'

તરીકે ઓળખાવતા ભાગમાં જ અને મનુષ્યો તો એ ત્રસ–નાડીમાંના 'મનુષ્ય–ક્ષેત્ર' તરીકે ઓળખાવતા ભાગમાં જ ઉત્પન્ન થાય છે.

**(૩૪) લોકના અધોલોક, મધ્યમલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણ ભાગ છે.**

આ ત્રણ ભાગના અનુક્રમે નીચલો લોક, વચલો લોક અને ઉપલો લોક એમ અર્થ કરાય છે.

**(૩૫) આ ત્રણ લોકના આકાર અનુક્રમે ઊંધા કરેલા શકોરા (શરાવ), ઝાલર અને પખાજ જેવા છે. સંપૂર્ણ લોકનો આકાર કેડે હાથ દઇને ઊભેલા પુરુષ જેવો છે.**

અધોલોકમાં નારકો, મધ્યમ લોકમાં આપણે મનુષ્યો, દ્વીન્દ્રિયાદિ તિર્યંચો અને મોટા ભાગના દેવો વસે છે. કેટલાક દેવો તો ઊર્ધ્વલોકમાં તેમ જ કેટલાક અધોલોકમાં પણ હોય છે. સૂક્ષ્મ એકેન્દ્રિયો સર્વત્ર છે.

**(૩૬) પુદ્ગલને વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ હોય છે.**

બૌદ્ધો 'પુદ્ગલ' શબ્દ જીવના અર્થમાં વાપરે છે પણ એ અર્થ અત્રે પ્રસ્તુત નથી.

વર્ણ યાને રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં 'રૂપ'નો ખ્યાલ વધારે સહેલાઇથી આવે છે. એથી પુદ્ગલને 'રૂપી' કહેતા હોય એમ લાગે છે. એ ગમે તે હો પણ બાકીના તમામ પદાર્થો 'અરૂપી' ગણાય છે. સંસારી જીવ અમુક અંશે 'રૂપી' યાને 'મૂર્ત' ગણાય છે.

વૈશેષિકોએ પૃથ્વીને સ્પર્શ, રસ, ગંધ અને રૂપ (વર્ણ)થી યુક્ત માની છે, પરંતુ જળને આ પ્રમાણે ચાર ગુણોથી યુક્ત ન માનતાં ત્રણ ગુણવાળું–ગંધરહિત માન્યું છે. એવી રીતે તેજને બે ગુણવાળું એટલે કે ગંધ અને રસ વિનાનું માન્યું છે. વાયુને તો સ્પર્શરૂપ કેવળ એક ગુણવાળો માન્યો છે. જૈન મતે શસ્ત્રથી હણાયેલાં પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચારે પદાર્થો અચેતન પુદ્‌ગલ છે અને એ પ્રત્યેક પદાર્થ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ એ ચારે ગુણોથી યુક્ત છે.

**(૩૭) શબ્દ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્દ્યોત એ પૌદ્‌ગલિક છે.**

'આતપ' એટલે સૂર્ય વગેરેનો ઊનો પ્રકાશ અને 'ઉદ્દ્યોત' એટલે ચન્દ્ર વગેરેનો શીતળ પ્રકાશ.

વૈશેષિક દર્શન પ્રમાણે શબ્દ આકાશનો ગુણ છે અને અંધકાર એ તેજનો અભાવ છે.

મીમાંસકોને મતે અંધકાર 'દ્રવ્ય' છે.

**(૩૮) પરમાણુ એ પુદ્‌ગલનો અવિભાજ્ય પરંતુ એનાથી છૂટો પડેલો અંશ છે.**

અવિભાજ્ય એટલે જેના વિભાગ થઇ ન શકે તે.

**(૩૯) પરમાણુમાં એક વર્ણ, એક રસ, એક ગંધ અને બે સ્પર્શ હોય છે.**

**(૪૦) ધર્મ એ ગતિ કરવામાં અને અધર્મ એ સ્થિતિ કરવામાં સહાયક છે.**

આ બંને પદાર્થ એકેક છે. એ બંને સમગ્ર લોકાકાશમાં વ્યાપીને રહેલા છે. એ બંને પદાર્થ નિત્ય અને અવસ્થિત છે. આ ધર્મ અને અધર્મ એ કંઇ પુણ્ય અને પાપ નથી.

( ૪૧ ) **ચારે અચેતન પદાર્થોને તેમ જ જીવોને અનેક પ્રદેશો છે.**[૧] **વિશેષમાં પુદ્ગલને તો પરમાણુ પણ છે.**

પ્રદેશ એ મૂળ પદાર્થનો સૌથી નાનામાં નાનો અને એની સાથે જોડાયેલો ભાગ છે. જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશ એ પ્રત્યેકના અસંખ્ય પ્રદેશો છે જ્યારે સમગ્ર આકાશના અનંત પ્રદેશ છે.

પુદ્ગલનો પ્રદેશ એનાથી છૂટો પડતાં એ 'પરમાણુ' કહેવાય છે. એકથી વધારે પરમાણુ મળતાં જાતજાતના સ્કંધો થાય છે. જેમ કે [૨]દ્વયણુક, ત્ર્યણુક, સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક અને અનંતાણુક.

( ૪૨ ) **જીવના પ્રદેશોનો દીપકના પ્રકાશની જેમ સંકોચ અને વિકાસ થાય છે.**[૩]

---

૧. આથી આ પાંચેને 'અસ્તિકાય' ગણુવામાં આવે છે અને એ શબ્દ જોડીને પણ એનો વ્યવહાર કરાય છે. દા. ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ઇત્યાદિ.

૨. આ બે પરમાણુઓનો બનેલો સ્કંધ છે. એ સ્કંધ આકાશના એક પ્રદેશમાં તેમ જ બે પ્રદેશમાં પણ રહી શકે છે.

૩. જુઓ આયારની નિજ્જુત્તિ ( ગા. ૧૫૧ ).

જીવનો વિકાસ લોકાકાશ કરતાં વધારે હોઇ શકે નહિ. એવી રીતે એનો સંકોચ અંગુઠા (આંગળા)ના અસંખ્યેય ભાગ કરતાં અધિક ન હોઇ શકે.

**( ૪૩ ) પરમાણુઓની ભિન્ન ભિન્ન વર્ગણા છે અને એ પૈકી કેટલીકને સંસારી જીવ કામમાં લે છે.**

વર્ગણા જાતજાતની છે. જેમ કે શરીર–વર્ગણા, ભાષા–વર્ગણા, મનો–વર્ગણા, કર્મ–વર્ગણા ઇત્યાદિ.

સંસારી જીવ બોલવા માટે ભાષા–વર્ગણા અને વિચાર કરવા માટે મનો–વર્ગણા ગ્રહણ કરે છે.

કર્મ એ સંસારી જીવે ગ્રહણ કરેલી અને પોતાના પ્રદેશો સાથે મેળવી દીધેલી કર્મ–વર્ગણાનો સમૂહ છે. અનાદિ કાળથી દરેક સંસારી જીવના આઠ પ્રદેશો કર્મથી સર્વથા અલિપ્ત રહ્યા છે અને એટલા તો રહેશે જ.

**( ૪૪ ) કાયિક, વાચિક અને માનસિક પ્રવૃત્તિ તે 'યોગ' છે અને એ યોગ તે ' આસ્રવ ' છે.**

કાયિક યોગમાં શરીર–વર્ગણાનું, વાચિકમાં ભાષા–વર્ગણાનું અને માનસિકમાં મનો–વર્ગણાનું જીવ આલંબન લે છે.

નાળાં વગેરેના મુખ દ્વારા જેમ જળાશયમાં જળ આવે છે તેમ યોગ દ્વારા સંસારી જીવમાં કર્મ–વર્ગણા આવે છે.

**( ૪૫ ) સંસારી જીવો પૈકી કષાયથી યુક્ત જીવોને ' સાંપરાયિક ' આસ્રવ અને કષાયથી રહિત જીવોને 'ઈર્યાપથિક' આસ્રવ હોય છે.**

યોગ દ્વારા આકર્ષાયેલી કર્મ-વર્ગણા કષાયને લઈને જીવ સાથે ભીના ચામડા ઉપર પડેલી ધૂળની જેમ ચોંટી જાય છે અને જીવોનો 'સંપરાય' એટલે કે 'પરાભવ' કરે છે. જેને કષાયનો ઉદય નહિ હોય એવા સંસારી આત્માને યોગથી આકર્ષાયેલી કર્મ-વર્ગણા, કષાયનો ઉદય નહિ હોવાથી એ આત્માને સ્પર્શીને છૂટી પડી જાય છે. જેમ કે સૂકી ભીંત ઉપર લાગેલો લાકડાનો ગોળો.

'આસ્રવ' ને બદલે 'આશ્રવ' શબ્દ પણ વપરાય છે.

**( ૪૬ ) કર્મ-બંધના બે હેતુઓ છે : કષાય અને યોગ.**

**( ૪૭ ) કર્મ બંધાય ત્યારે ચાર અંશનું નિર્માણ થાય છે : પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ.**

પ્રકૃતિ એટલે સ્વભાવ; સ્થિતિ એટલે કર્મને ટકવાની કાલ-મર્યાદા; રસ એટલે અનુભાગ—ચીકાશ; અને પ્રદેશ એટલે કર્મનાં દલિક યાને દળિયાં.

પ્રકૃતિ અને પ્રદેશનું નિર્માણ યોગને લીધે અને સ્થિતિ અને રસનું કષાયને લીધે થાય છે.

પ્રકૃતિબન્ધ એટલે સ્થિતિબન્ધ, રસબન્ધ અને પ્રદેશબન્ધનો સમુદાય.

**( ૪૮ ) કર્મના મુખ્ય બે પ્રકાર છે : ઘાતી અને અઘાતી.**

ઘાતી કર્મ આત્માનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ ખમૂ ગુણોને હાનિ પહોંચાડે છે જ્યારે અઘાતી કર્મ એના અન્ય ગુણોને હાનિ કરે છે.

**( ૪૯ ) ઘાતી કર્મના મુખ્ય ચાર પ્રકારો છે : મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય.**

મોહનીય કર્મ એટલે 'મોહ'. એ સંસારી આત્માનો મોટામાં મોટો શત્રુ છે. આ મોહનો અર્થ 'અજ્ઞાન' નથી.

જ્ઞાનાવરણ અને દર્શનાવરણ અનુક્રમે જ્ઞાન અને દર્શનનાં આવરણ છે.

અંતરાયનો અર્થ 'વિઘ્ન' છે.

**( ૫૦ ) મોહનીય કર્મના બે ભેદ છે : દર્શન-મોહનીય અને ચારિત્ર-મોહનીય.**

દર્શન-મોહનીય સાચી શ્રદ્ધા થવામાં અને ચારિત્ર-મોહનીય સંયમી જીવન જીવવામાં આડખીલીરૂપ છે.

**( ૫૧ ) ચારિત્ર-મોહનીય કર્મના ચાર કષાય અને નવ નોકષાય એમ તેર ઉપભેદ છે.**

**( ૫૨ ) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે.**

**( ૫૩ ) હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષ-વેદ, સ્ત્રી-વેદ અને નપુંસક-વેદ એ નવ નોકષાય છે.**

રતિ, અરતિ અને જુગુપ્સા એટલે અનુક્રમે પ્રીતિ, અપ્રીતિ અને સૂગ.

'વેદ' દ્રવ્ય-વેદ અને ભાવ-વેદ એમ બે જાતના છે. દ્રવ્ય-વેદ એટલે ચિહ્ન અને ભાવ-વેદ એટલે વિષયવાસના.

પુરુષ-વેદ, સ્ત્રી-વેદ અને નપુસંક-વેદના બબ્બે પ્રકાર છે. જેમ કે દ્રવ્ય-પુરુષ-વેદ અને ભાવ-પુરુષ-વેદ. પુરુષને સ્ત્રીના સમાગમની ઇચ્છા થાય તે ભાવ-પુરુષ-વેદ છે. એ પ્રમાણે બાકીના વેદ માટે સમજવું.

નવે નોકષાય કષાયના સહચારી યાને ગોઠિયા છે અને એના ઉદ્દીપક છે. એથી એને 'નોકષાય' કહે છે.

**( ૫૪ ) જ્ઞાનાવરણના પાંચ પ્રકાર છે: મતિ-જ્ઞાનાવરણ, શ્રુત-જ્ઞાનાવરણ, અવધિ-જ્ઞાનાવરણ, મનઃપર્યવ-જ્ઞાનાવરણ અને કેવલ-જ્ઞાનાવરણ.**

મતિ-જ્ઞાનાવરણ મતિજ્ઞાનને આવરે છે. એ પ્રમાણે બાકીનાં માટે સમજી લેવું.

**( ૫૫ ) દર્શનાવરણના નવ પ્રકાર છે : ચાર દર્શનનાં ચાર આવરણ અને પાંચ પ્રકારની નિદ્રા.**

**( ૫૬ ) નિદ્રાના પાંચ પ્રકાર છે : નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિ.**

આ પાંચ નિદ્રાઓ અનુક્રમે એકેક કરતાં વધારે ગાઢ છે. ચપટી વગાડીને-સુખેથી જગાડી શકાય એવી નિદ્રા તે 'નિદ્રા' છે. ઊંઘતી વ્યક્તિને જગાડવા માટે એને ઢંઢોળવી પડે—એનાં કપડાં ખેંચવાં પડે એવી એની ઘોર નિદ્રાને 'નિદ્રાનિદ્રા' કહે છે. જે વ્યક્તિ બેઠી બેઠી કે ઊભી ઊભી ઊંઘે તે વ્યક્તિની નિદ્રાને 'પ્રચલા' કહે છે. વ્યક્તિ ચાલતી હોય તે છતાં એને એ સમયે જે નિદ્રા આવે તેને 'પ્રચલાપ્રચલા' કહે છે. જે નિદ્રામાં મનુષ્ય જાગ્રત અવસ્થામાં ચિંતવેલું કોઇ કામ કરે

છતાં તેનો એને ખ્યાલ ન રહે એવી ઘોરમાં ઘોર નિદ્રા તે 'સ્ત્યાનર્દ્ધિ' છે. આ છેલ્લા પ્રકારની નિદ્રામાં એ મનુષ્યને સ્વાભાવિક બળ કરતાં અનેકગણું બળ પ્રગટે છે.

**( ૫૭ ) અંતરાયના પાંચ પ્રકાર છે : દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય.**

આ પાંચ અંતરાય અનુક્રમે દાન દેવામાં, લાભ મેળવવામાં, ભોગ ભોગવવામાં, ઉપભોગ ભોગવવામાં તેમ જ બળ વાપરવામાં વિઘ્નરૂપ છે.

જે વસ્તુ એક જ વાર ભોગવાય તેને 'ભોગ' અને જે વારંવાર ભોગવી શકાય તેને 'ઉપભોગ' કહે છે. દા. ત. જળ એ ભોગ છે અને આસન એ ઉપભોગ છે.

**( ૫૮ ) અઘાતી કર્મના મુખ્ય ચાર પ્રકાર છે: વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય.**

**( ૫૯ ) વેદનીયના બે ઉપપ્રકાર છે : સાત અને અસાત.**

'સાત' એટલે સુખ અને 'અસાત' એટલે દુઃખ. સાત–વેદનીય સુખનો અને અસાત–વેદનીય દુઃખનો અનુભવ કરાવે છે.

**( ૬૦ ) નામ-કર્મના ૪૨ પ્રકારો છે.**

એનો ઉદય થતાં મનુષ્યાદિ ચાર ગતિ, એકેન્દ્રિયાદિ પાંચ જાતિ, ઔદારિકાદિ પાંચ શરીર, પાંચ પ્રકારનાં [1]સંહનન, પાંચ જાતનાં સંસ્થાન, પાંચ રંગ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, ત્રસ, સ્થાવર, તીર્થંકરનામ ઇત્યાદિ પ્રાપ્ત થાય છે.

---

૧. હાડકાંની રચના.

**( ૬૧ ) ગોત્ર-કર્મના બે પ્રકાર છે : ઉચ્ચ અને નીચ.**

**( ૬૨ ) આયુષ્ય-કર્મ એ સંસારી જીવની તે ભવ પૂરતી જીવનદોરી છે. એ કર્મનો એ ચાલુ ભવ પૂરતો ક્ષય તે 'મૃત્યુ' છે.**

**( ૬૩ ) આયુષ્ય-કર્મના અપવર્તનીય અને અનપવર્તનીય એમ બે મુખ્ય ભેદો છે. વળી પહેલા પ્રકારનું આયુષ્ય સોપક્રમ હોય છે, જ્યારે બીજા પ્રકારના સોપક્રમ અને નિરુપક્રમ એવા બે પેટાભેદ છે.**

આયુષ્ય-કર્મ બંધાય તે વેળા જો બંધ શિથિલ રહ્યો હોય તો એ સમયે જે સ્થિતિ-કાળ નક્કી થયો હોય તે, કારણ મળતાં ઘટે છે, અને એ જીવ આ નિયત મર્યાદા પૂરી કર્યા વિના મૃત્યુ પામે છે. આને 'અકાળ મૃત્યુ' અથવા 'અપવર્તના' કહે છે. જો બંધસમયે બંધ ગાઢ બંધાયો હોય તો આયુષ્ય તૂટવાનાં કારણો મળે તો પણ એની સ્થિતિ-મર્યાદામાં ઘટાડો થતો નથી-ભોગકાળ સ્થિતિકાળના જેટલો જ રહે છે.

મૃત્યુ ઉપજાવે એવાં કારણોને 'ઉપક્રમ' કહે છે.

**( ૬૪ ) સાત-વેદનીય, નારક સિવાયનાં ત્રણ આયુષ્ય, શુભ ગોત્ર અને નામ-કર્મની ૩૭ પ્રકારની ઉત્તર પ્રકૃતિઓ એ ૪૨ ઉત્તર પ્રકૃતિઓ 'પુણ્ય-પ્રકૃતિ' કહેવાય છે, જ્યારે બાકીની ૮૨ ઉત્તર પ્રકૃતિઓ 'પાપ-પ્રકૃતિ' કહેવાય છે.**

**ત. સૂ.** (અ. ૮, સૂ. ૨૬)માં નીચે મુજબ પુણ્ય-પ્રકૃતિઓ ગણાવાઇ છે :—

સાત-વેદનીય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષ-વેદ, શુભ આયુષ્ય, શુભ નામ-કર્મ અને શુભ ગોત્ર.

અહીં બીજીથી પાંચમી સુધીની જે ચાર પ્રકૃતિઓ ગણાવાઇ છે તેનો ઉલ્લેખ શિવાર્યકૃત **આરાહણા**ની અપરાજિત-કૃત **વિજયોદયા** ( પૃ. ૧૬૪૩) નામની ટીકા સિવાયના અન્ય કોઇ જૈન ગ્રંથમાં હોય એમ જાણવામાં નથી. વિશેષમાં એ ગણાવવાનું કારણ જાણવું બાકી રહે છે.

**( ૬૫ ) પુણ્ય અને પાપ એ બંને સ્વતંત્ર પદાર્થ છે.**

પુણ્ય અને પાપને અંગે નીચે મુજબના અજૈન મતો છે :-

( ૧ ) પુણ્ય જ છે; પાપ નથી.

( ૨ ) પાપ જ છે; પુણ્ય નથી.

( ૩ ) સુખ અને દુ:ખનું ફળ આપનાર પુણ્ય અને પાપ '[૧]મેચક'મણિની પેઠે એક જ સાધારણ વસ્તુ છે.

( ૪ ) પુણ્ય અને પાપ જેવી કોઇ વસ્તુ જ નથી. આ બધો ભવપ્રપંચ સ્વભાવને જ આભારી છે.[૨]

---

૧. આ વિષે મેં "મેચક તે શું?" નામનો મારો લેખ જે "આત્માનંદ પ્રકાશ" (પુ. ૫૩, અં. ૭)માં છપાયો છે તેમાં કેટલીક વિગતો આપી છે

૨. આ ચારે મતો લગભગ ચૌદ સૈકા જેટલા તો પ્રાચીન છે જ કેમ કે **વિસેસાવસ્સયભાસ** (ગા. ૧૯૦૮)માં એનો નિર્દેશ છે.

ચોથો મત ' કર્મ 'ને નહિ માનનારા નાસ્તિક અને વેદાંતીઓનો છે એમ **જૈન તત્ત્વાદર્શ** ( પૃ ૩૮૧)માં ઉલ્લેખ છે. એ વાસ્તવિક હોય તો પણ પહેલા ત્રણ મત ક્યારથી નીકળ્યા એ જાણવું બાકી રહે છે.

જૈન દર્શનનું માનવું આ ચારેથી જુદું છે. એ દર્શન પ્રમાણે તો પુણ્ય અને પાપ એ બન્ને સ્વતંત્ર છે અને એમ હોવાથી તો એકબીજાનાં સરવાળા–બાદબાકી માટે સ્થાન નથી. વિશેષમાં પુણ્ય એ સોનાની બેડી છે જ્યારે પાપ એ લોખંડની બેડી છે. એથી કરીને તો મુક્ત જીવોને બેમાંથી એકે નથી એમ જૈન દર્શન માને છે.

( ૬૬ ) **પુણ્યના તેમ જ પાપના બબ્બે પ્રકાર છે: પુણ્યાનુબંધી અને પાપાનુબંધી.**

પુણ્યાનુબંધી એટલે એવું પુણ્ય કે જે ભોગવતાં નવીન પુણ્ય બંધાય અને પાપાનુબંધી પુણ્ય એટલે એવું પુણ્ય કે જે ભોગવતાં પાપ બંધાય. એ પ્રમાણે પાપના પણ બે પ્રકાર સમજવા.

( ૬૭ ) **બંધ માટે કામમાં લેવાતો દરેક કર્મ–સ્કંધ અનંતાનંત પરમાણુઓનો બનેલો હોય છે. જો એ સ્થિર હોય અને સંસારી જીવના ક્ષેત્રમાં જ રહેલો હોય તો જ એનો બંધ શક્ય છે.**

( ૬૮ ) **કર્મ સ્વતઃ ફળે છે.**

સંસારી જીવ કર્મ કરે પછી તેનું ફળ તેને આપોઆપ જ મળે છે. એ માટે કોઇની પણ–ઘડીભર માની લઇએ કે કોઇ ઈશ્વર નીતિનિયામક છે તો તેની પણ કશી જ જરૂર રહેતી નથી એમ જૈન દર્શનનું માનવું છે.

**( ૬૯ ) જે જાતનું કર્મ બંધાય તે જ જાતનું તેનું ફળ પ્રાયઃ ભોગવવું પડે છે.**

કર્મની મૂળ આઠ પ્રકૃતિઓ છે. તેમાં જ્ઞાનાવરણનું ફળ દર્શનાવરણ કે અન્ય કોઇ મૂળ પ્રકૃતિરૂપે ભોગવવાનું હોય એમ બનતું નથી. બાકી આયુષ્ય-કર્મ સિવાયની સાત મૂળ પ્રકૃતિઓની પોતપોતાની ઉત્તર પ્રકૃતિઓ પૈકી કેટલીકમાં સંક્રમણ માટે અવકાશ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંસારી જીવે જે ગતિનું આયુષ્ય-કર્મ બાંધ્યું હોય તે જ ગતિનું આયુષ્ય-કર્મ તે ભોગવે છે, જ્યારે દા. ત. જ્ઞાનાવરણની મતિ-જ્ઞાનાવરણ જેવી એક ઉત્તર પ્રકૃતિનું ફળ એ જ જ્ઞાનાવરણની શ્રુતજ્ઞાનાવરણ જેવી અન્ય ઉત્તર પ્રકૃતિરૂપે પણ ફળે છે. એક ઉત્તર પ્રકૃતિ બીજી સજાતીય ઉત્તર પ્રકૃતિરૂપે સંક્રમે છે પણ આ નિયમ દર્શન-મોહનીય અને ચારિત્ર-મોહનીય જેવી મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિઓને લાગુ પડતો નથી અને એ રીતે આવી ઉત્તર પ્રકૃતિઓ આયુષ્ય-કર્મની ઉત્તર પ્રકૃતિઓની પેઠે પરસ્પર સંક્રમ પામતી નથી.

કર્મ બંધાતી વેળા જે રસનું અને સ્થિતિનું નિર્માણ થયું હોય તે રસમાં તેમ જ તે સ્થિતિમાં વધઘટ આત્માના અધ્યવસાયના બળે થઇ શકે છે. તીવ્ર રસ મંદ બને અથવા તો મંદ રસ તીવ્ર બને તેમ સ્થિતિ પણ ઉત્કૃષ્ટ હોય તે જઘન્ય બને અને જઘન્ય હોય તે ઉત્કૃષ્ટ બને.

આમ જો કે કર્મબંધ થતી વેળા નિર્માણ થયેલા ચાર અંશો પૈકી સ્વભાવ, રસ અને સ્થિતિમાં પરિવર્તન શકય છે પરંતુ એ કર્મનાં દલિકોની સંખ્યા તો તેની તે જ કાયમ રહે છે.

**( ૭૦ ) શરીર પાંચ જાતનાં છે : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.**

મનુષ્યો અને તિર્યંચોનું શરીર 'ઔદારિક' છે. એ ઔદારિક-વર્ગણાનું બનેલું હોય છે.

દેવો અને નારકોનુ શરીર 'વૈક્રિય' છે અને એ વૈક્રિય વર્ગણાનું બનેલું હોય છે. કેટલાક શક્તિશાળી મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો અને સ્થૂળ વાયુકાયના જીવો પણ આવું શરીર ધારણ કરી શકે છે.

આહારક શરીર શ્રુત-કેવલી મુનિને જ હોય છે.

શ્રુત-કેવલી એટલે શ્રુત-જ્ઞાનના પારગામી અર્થાત્ ચૌદ પુવ્વ( પૂર્વ )ના જાણકાર.

તૈજસ શરીર આહાર પચાવવામાં સહાયક છે.

કાર્મણ શરીર બધાં શરીરોનું મૂળ છે કેમ કે એ કર્મના સમૂહરૂપ છે અને કર્મ એ જ સંસારી જીવોનાં સર્વ કાર્યોનું નિમિત્ત છે. કેવળ કાર્મણ શરીર સંસારી જીવને શબ્દાદિ વિષયોથી ઉદ્ભવતાં સુખદુઃખનો અનુભવ કરાવી શકતું નથી.

બધા જ સંસારી જીવોને પોતપોતાના સ્થૂળ શરીર ઉપરાંત તૈજસ અને કાર્મણ એ બે સૂક્ષ્મ શરીરો પણ હોય છે જ, અને એ જીવો સાથે અનાદિ કાળથી છે ને એ જીવો મોક્ષે ન જાય ત્યાં સુધી જન્માંતરોમાં પણ પ્રવાહરૂપે એની સાથે જ રહે છે.

કેટલાક સ્થૂળ શરીર ઉપરાંત જે સૂક્ષ્મ શરીર માને છે તેને 'લિંગ-શરીર' કહે છે.

**( ૭૧ ) અંતરાલ ગતિ બે પ્રકારની છે. ઋજુ અને વક્ર.**

મૃત્યુ થતાં મોક્ષે નહિ જનારો જીવ અન્ય ભવ ધારણ ન કરે ત્યાં સુધીની એની ગતિને 'અંતરાલ ગતિ' કહે છે.

ઋજુ ગતિમાં એકે વળાંક લેવો પડતો નથી, જ્યારે વક્ર ગતિમાં ઓછામાં ઓછો એક વળાંક તો હોય છે.

ઋજુ ગતિ એક જ સમયની છે, જ્યારે વક્ર ગતિ વળાંકની સંખ્યા અનુસાર બે, ત્રણ કે ચાર સમયની હોય છે.

ઋજુ ગતિ અને એકવિગ્રહ ગતિમાં તો જીવ આહારક જ છે. ત્રણ સમયની દ્વિવિગ્રહ ગતિમાં અને ચાર સમયની ત્રિવિગ્રહ ગતિમાં સંસારમાં રહેનાર જીવ અનાહારક ( આહાર વિનાનો ) હોય છે.

જે પ્રદેશમાં જે સમયે વરસાદ વરસતો હોય એવે સમયે તપાવેલું બાણ છોડાય અને એ બાણ એ પ્રદેશમાં થઈને જાય તો તે જળના બિન્દુઓનું ગ્રહણ કરી તેને શોષતું આગળ ચાલે છે. એવી રીતે અંતરાલ ગતિ દરમ્યાન પણ જીવ કાર્મણ શરીર દ્વારા કર્મ–પુદ્ગલનું ગ્રહણ કરે છે.

**( ૭૨ ) મૃત્યુસમયે એ ભવના સ્થૂળ શરીરને છોડીને પરંતુ અંતરાલ ગતિથી તૈજસ અને કાર્મણ શરીરને સાથે ચાલુ રાખીને જીવ જે નવીન ભવને યોગ્ય પુદ્ગલોનું પહેલવહેલું ગ્રહણ કરે છે તે ગ્રહણ 'જન્મ' છે.**

( ૭૩ ) પર્યાપ્તિ છ છે : ( ૧ ) **આહાર-પર્યાપ્તિ,** ( ૨ ) **શરીર-પર્યાપ્તિ,** ( ૩ ) ઇન્દ્રિય-પર્યાપ્તિ, ( ૪ )

**શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ, ( ૫ ) ભાષા-પર્યાપ્તિ અને ( ૬ ) મનઃ-પર્યાપ્તિ.**

'પર્યાપ્તિ' એટલે પુદ્ગલના આલંબનથી ઉદ્ભવતી આત્માની એક જાતની શક્તિ. ઉત્પત્તિસ્થાનમાં પહોંચ્યા બાદ સંસારી જીવ શરીર વગેરે રચવા માટે જે યોગ્ય પુદ્ગલને ગ્રહણ કરે છે તેને 'આહાર' કહે છે અને એ ગ્રહણ કરવાની શક્તિને 'આહાર-પર્યાપ્તિ' કહે છે. આ પુદ્ગલોમાંથી શરીરને, ઇન્દ્રિયને અને મનને રચવાની શક્તિઓને અનુક્રમે 'શરીર-પર્યાપ્તિ', 'ઇન્દ્રિય-પર્યાપ્તિ' અને 'મનઃ-પર્યાપ્તિ' કહે છે. શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિને 'શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ' કહે છે. ઉપર્યુક્ત પુદ્ગલો પૈકી કેટલાકને ભાષારૂપે પરિણમાવવાની શકિતને 'ભાષા-પર્યાપ્તિ' કહે છે.

( ૭૪ ) **પ્રાણો દસ છે: પાંચ ઇન્દ્રિય, કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારનાં બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.**

ગર્ભજ મનુષ્યો, ગર્ભજ તિર્યંચો, દેવો અને નારકોને દસે પ્રાણ હોય છે. એકેન્દ્રિય જીવોને ચાર જ પ્રાણ હોય છેઃ સ્પર્શન-ઇન્દ્રિય, કાયિક બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, દ્વીન્દ્રિયને આ ઉપરાંત રસન-ઇન્દ્રિય અને વાચિક શક્તિ એટલે કે છ, ત્રીન્દ્રિયને સાત, ચતુરિન્દ્રિયને આઠ અને અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ હોય છે.

( ૭૫ ) **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ત્રિપુટી એ મોક્ષનો માર્ગ છે.**

**( ૭૬ ) હેય અને ઉપાદેય પદાર્થોનો યથાર્થ રૂપથી નિર્ણય કરવાની અભિરુચિ તે 'સમ્યગ્દર્શન' છે.**

જ્ઞેય અર્થાત્ જાણવા લાયક પદાર્થોમાં કેટલાક હેય એટલે ત્યજવા લાયક છે અને કેટલાક ઉપાદેય એટલે ગ્રહણ કરવા લાયક છે.

સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. એને 'સમ્યક્ત્વ' પણ કહે છે.

**( ૭૭ ) જ્ઞેય પદાર્થો કિંવા તત્ત્વો સાત છે: ( ૧ ) જીવ, ( ૨ ) અજીવ, ( ૩ ) આસ્રવ, ( ૪ ) બંધ, ( ૫ ) સંવર, ( ૬ ) નિર્જરા અને ( ૭ ) મોક્ષ.**

અહીં 'જ્ઞેય'થી મોક્ષ મેળવવામાં ઉપયોગી જ્ઞેય સમજવું.

જીવ અને અજીવ એ બે તત્ત્વો સ્વતંત્ર તેમ જ આદિ અને અંત વિનાનાં છે. બાકીનાં તત્ત્વો એ જીવ અથવા અજીવની ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે.

પુણ્ય અને પાપને પણ કેટલાક તત્ત્વ ગણી નવ તત્ત્વ ગણાવે છે. સાત તત્ત્વો ગણાવનાર એ બેનો 'બંધ'માં અંતર્ભાવ કરે છે.

સાંખ્યો ચોવીસ, પચ્ચીસ તેમ જ છવ્વીસ તત્ત્વો માને છે.[૧] વૈશેષિકો છ તેમ જ સાત અને નૈયાયિકો સોળ પદાર્થ માને છે.

**(૭૮) સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે જ્યારે એ વિનાનું જ્ઞાન તે 'અજ્ઞાન' છે.**

---

૧. જુઓ **મહાભારત** ( 'શાન્તિ' પર્વ, અધ્યાય ૩૧૮ ) તેમ જ **ચરકસંહિતા** ( 'શારીર' સ્થાન, અધ્યાય ૧ ).

સમ્યગ્જ્ઞાન એટલે સાચું જ્ઞાન.

આત્માની ઉન્નતિમાં સાધક જ્ઞાન તે સાચું જ્ઞાન છે જ્યારે અવનતિમાં કારણરૂપ જ્ઞાન 'અજ્ઞાન' છે.

**(૭૯) અજ્ઞાનના ત્રણ પ્રકાર છેઃ મતિ – અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગ–જ્ઞાન.**

સમ્યગ્દર્શન વિનાનું એટલે કે મિથ્યાત્વથી વાસિત અવધિજ્ઞાન તે 'વિભંગજ્ઞાન' છે.

મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન તો સમ્યગ્દર્શનથી અલકૃંત જીવને જ હોય છે એટલે એ જ્ઞાન માટે અજ્ઞાનનો વિચાર કરવાનો રહેતો નથી.

**(૮૦) સમ્યગ્જ્ઞાન પ્રમાણો અને નયોથી થાય છે.**

**(૮૧) જે જ્ઞાન વડે વસ્તુનો–તત્ત્વનો યથાર્થ નિર્ણય થાય તે 'પ્રમાણ' છે.**

**(૮૨) પ્રમાણના બે પ્રકાર છે: પ્રત્યક્ષ અને પરોક્ષ.**

**(૮૩) પ્રત્યક્ષ પ્રમાણના ત્રણ પ્રકાર છે: (૧) અવધિજ્ઞાન, (૨) મનઃપર્યવજ્ઞાન અને (૩) કેવલજ્ઞાન.**

**(૮૪) પરોક્ષ પ્રમાણના પાંચ પ્રકાર છેઃ સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ.**

ચાર્વાકો કેવળ પ્રત્યક્ષને પ્રમાણ માને છે. બૌદ્ધો અને વૈયાયિકો પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણ માને છે. સાંખ્યો આ બે ઉપરાંત શબ્દને એમ ત્રણને, નૈયાયિકો ઉપમાન

સહિત આ ત્રણને એટલે કે એકંદર ચારને, [1]પ્રાભાકર આ ઉપરાંત અર્થાપત્તિને પણ એટલે પાંચને અને [2]ભાટ્ટ અભાવ સહિત આ પાંચેને એટલે છને પ્રમાણ માને છે.

તર્ક એ નૈયાયિકો જેને 'વ્યાપ્તિજ્ઞાન' કહે છે તે છે.

**(૮૫) પ્રત્યેક વસ્તુ અનંતધર્મવાળી છે.**

**(૮૬) વસ્તુના કોઈ એક ધર્મનો યથાર્થ બોધ તે 'નય' છે.**

વસ્તુનો અનેક ધર્મ દ્વારા અનેક રૂપથી નિશ્ચય કરવો તે 'પ્રમાણ' છે. નય તો કોઇ એક જ ધર્મનો નિશ્ચય કરે છે. નય એ પ્રમાણ કે અપ્રમાણ નથી પરંતુ પ્રમાણાંશ છે. એ વસ્તુને અંગેનો એક જાતનો યથાર્થ અભિપ્રાય છે. એ એને અંગેનું એક પ્રકારનું દૃષ્ટિબિંદુ છે. એ એક જાતની વિચારસરણી છે. પ્રમાણ એ અનેક નયોના સમૂહરૂપ છે.

**(૮૭) નયના બે પ્રકાર છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.**

આ દુનિયામાં બધી જ વસ્તુઓ—નાની કે મોટી સર્વાંશે સમાન કે અસમાન નથી. આથી તો પ્રત્યેક વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે એમ જૈન દર્શન માને છે. વસ્તુના સામાન્ય ધર્મ યાને અંશને ઉદ્દેશીને જે કથન કરાય તેને 'દ્રવ્યાર્થિક નય' કહે છે અને વસ્તુના વિશિષ્ટ ધર્મને—અસાધારણ અંશને લક્ષીને જે કથન કરાય તેને 'પર્યાયાર્થિક નય' કહે છે.

---

૧–૨ પ્રભાકરના અનુયાયીઓને 'પ્રાભાકર' અને ભટ્ટના અનુયાયીઓને 'ભાટ્ટ' કહે છે. આમ મીમાંસકોના બે વર્ગ છે.

**(૮૮) દ્રવ્યાર્થિક નયના નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એમ ત્રણ અને પર્યાયાર્થિક નયના ઋજુસૂત્ર, સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત એમ ચાર ઉપપ્રકાર છે.**

દેશ અને કાળમાં તેમ જ લોકોના સ્વભાવમાં જાતજાતનો તફાવત જોવાય છે. આને લઈને લૌકિક રૂઢિઓમાં અને એ દ્વારા ઉદ્‌ભવતા સંસ્કારોમાં પણ વિવિધતા પ્રવર્તે છે. એ રૂઢિઓ અને સંસ્કારોને અનુસરનારો વિચાર 'નૈગમ' નય છે. લૌકિક રૂઢિમાં આરોપને–ઉપચારને મહત્ત્વનું સ્થાન છે. એ આરોપનો ઝોક સામાન્ય તત્ત્વ તરફ હોવાથી નૈગમ નય સામાન્યગામી તો છે જ.

ભિન્ન ભિન્ન વ્યક્તિઓને અને વસ્તુઓને એની પાછળ રહેલી સામાન્ય ભૂમિકા ઉપર ગોઠવી દઈ એ બધાની એકરૂપતા ખડી કરનારો નય 'સંગ્રહ' નય છે. આ નય એકીકરણ ઉપર આમ ભાર મૂકતો હોવાથી એ નય પણ સામાન્યગામી છે જ.

સામાન્ય તત્ત્વ ઉપર એક રૂપે ગોઠવાયેલી વસ્તુઓમાં વ્યાવહારિક પ્રયોજન અનુસાર ભેદ પાડનારો–તેનું પૃથક્કરણ કરનારો નય તે 'વ્યવહાર' નય છે.[૧]

---

૧. આ ઉપરથી જોઈ શકાશે કે નૈગમ નયનું કાર્ય એક તરફથી સંગ્રહ નય કરે છે તો બીજી તરફથી વ્યવહાર નય કરે છે. આમ હોઈ સંગ્રહ અને વ્યવહાર એ બે નયો નૈગમના બે પ્રકારો ગણાય. જુઓ ત. સૂ. (અ. ૧, સૂ. ૩૫) આ પરિસ્થિતિમાં નૈગમ નયને બાજુ રાખી સિદ્ધસેન દિવાકર જેવા નયો છ હોવાનું કહે છે.

[ અનુસંધાન પૃ૪ ૩૪

'વ્યવહાર' નયનું લક્ષ્ય પૃથક્કરણ છે ખરું પણ એ ક્રિયા સામાન્યની ભૂમિકા ઉપર થાય છે એટલે એ નય પણ સામાન્યગામી છે જ.

આમ આ ત્રણે નયો સામાન્યગામી હોવાથી એનો 'દ્રવ્યાર્થિક' નયના ભેદ તરીકે ઉલ્લેખ કરાય છે.

ભૂત કાળ અને ભવિષ્ય કાળને બાજુએ રાખીને કેવળ વર્તમાન કાળને લક્ષ્યમાં લેનારો નય 'ઋજુસૂત્ર' છે.

સામ્પ્રત નય શાબ્દિક ધર્મો ઉપર ભાર મૂકી અર્થમાં ભેદ માને છે. એ કાળ, લિંગ વગેરેનો અર્થભેદ માટે ઉપયોગ કરે છે.

સમભિરૂઢ નય એથી આગળ વધી શબ્દોની વ્યુત્પત્તિને લક્ષ્યમાં રાખી અર્થમાં ભેદ માને છે.

એવંભૂત નય તો શબ્દનો જે અર્થ થતો હોય તે અર્થ અનુસાર કાર્ય થતું હોય ત્યારે જ તેને માને છે. દા. ત. અધ્યાપક ભણાવવાનું કાર્ય કરતો હોય ત્યાં સુધી જ તેને તેમ માને.

ઋજુસૂત્ર નય વર્તમાન કાળનો સ્વીકાર કરે છે. એથી એનો વિષય સામાન્ય ન રહેતાં વિશેષરૂપ બને છે. પર્યાયાર્થિક નય

---

વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ સામ્પ્રત, સમભિરૂઢઅને એવંભૂત એ ત્રણને શબ્દ-નયના ત્રણ પ્રકાર ગણી મૂળ નયો તરીકે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એમ પાંચનો જ ઉલ્લેખ કર્યો છે. એક રીતે, નૈગમ અને શબ્દ એ બે નયોના અનુક્રમે બે અને ત્રણ ઉપપ્રકારોને મૂળ નયો ન ગણતાં નૈગમ, ઋજુસૂત્ર અને શબ્દ એમ મૂળ નયો ત્રણ છે એમ કહી શકાય.

વિશેષગામી છે એટલે ઋજુસૂત્ર અને એના પછીના ત્રણે નયો તો એના કરતાં પણ ઉત્તરોત્તર વધારે ને વધારે વિશેષગામી હોવાથી એ ચારે નયોને ‘પર્યાયાર્થિક’ નયના ભેદ તરીકે ગણાવાય છે.[૧]

વ્યવહાર નય સંગ્રહ નય દ્વારા સંકલિત વિષયની વિશેષતા ઉપર ભાર મૂકે છે એટલે એ દૃષ્ટિએ એ વિશેષગામી છે.

આ ઉપરથી જોઇ શકાશે કે નૈગમ નયનું ક્ષેત્ર સૌથી વિશાળ છે, કેમ કે એ સામાન્ય અને વિશેષ એમ બંનેને લૌકિક રૂઢિ અનુસાર મુખ્ય કે ગૌણ સ્થાન આપે છે. સંગ્રહ નયનું ક્ષેત્ર નૈગમ નયના કરતાં નાનું છે કેમ કે એનું લક્ષ્ય કેવળ સામાન્ય છે. વ્યવહાર નયનું ક્ષેત્ર તો આ નય કરતાં યે નાનું છે કેમ કે એ નય સંગ્રહની ભીંત ઉપર જ વ્યવહારનું ચિત્ર આલેખે છે.

ઋજુસૂત્રનું ક્ષેત્ર વ્યવહાર નય જેટલું પણ વ્યાપક નથી. આમ ઉત્તરોત્તર નયનાં ક્ષેત્ર એકેકથી નાનાં છે. એવંભૂતનું ક્ષેત્ર તો સૌથી નાનું છે.

(૮૯) **નયના અર્થ-નય અને શબ્દ-નય એમ પણ બે પ્રકાર છે.**

અર્થ–નય અર્થ તરફ અને શબ્દ–નય શબ્દ તરફ વિશેષ લક્ષ્ય આપે છે.

---

૧ વિશેષ માટે જુઓ **ત. સૂ** (અ. ૧, સૂ. ૩૪–૩૫)નું ગુજરાતી વિવેચન (પૃ. ૬૯–૭૮).

**(૯૦) અર્થ-નયના નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એમ ચાર ભેદ છે, જ્યારે શબ્દ-નયના સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત એમ ત્રણ ભેદ છે.**

**(૯૧) નયના વ્યવહાર-નય અને નિશ્ચય-નય એમ પણ બે વર્ગ પડાય છે.**

જે નય વ્યવહારને અર્થાત્ સ્થૂળતા અને ઉપચારને મુખ્યતયા સ્પર્શે છે તે 'વ્યવહાર-નય' છે, જ્યારે જે નય તલસ્પર્શિતા અર્થાત્ સૂક્ષ્મતા અને તાત્ત્વિકતા તરફ વિશેષ લક્ષ્ય આપે છે તે 'નિશ્ચય-નય' છે. વ્યવહાર-નય પ્રમાણે ભમરો કાળો છે, જ્યારે નિશ્ચય-નય પ્રમાણે તો એ બધા રંગોનો છે. વ્યવહાર-નય પ્રમાણે સંસારી જીવ અંશતઃ મૂર્ત છે, જ્યારે નિશ્ચય-નય પ્રમાણે તો એ અમૂર્ત છે.

**(૯૨) નયાભાસ એ અજૈન દર્શનની જડ છે.**

જે નય અન્ય નયોની અવગણના કરે તેને 'નયાભાસ' કહે છે.

કદાગ્રહ, મિથ્યાભિનિવેશ ઇત્યાદિ નયાભાસના પર્યાયો છે. નયાભાસમાં નિરપેક્ષતાનું સામ્રાજ્ય છે. એ સાપેક્ષતાનો સર્વથા છેદ ઉડાવે છે અને એથી એ ત્યાજ્ય છે.

નૈયાયિક અને વૈશેષિક દર્શનો નૈગમ નય ઉપર, સાંખ્ય અને વેદાન્ત સંગ્રહ ઉપર, ચાર્વાક વ્યવહાર ઉપર, બૌદ્ધ ઋજુસૂત્ર ઉપર અને વૈયાકરણો શબ્દ-નય ઉપર વધારે પડતો ભાર મૂકે છે. **સમ્મઇપયરણ** (કાંડ ૧, ગાથા ૫)ની વૃત્તિમાં

અભયદેવસૂરિએ કહ્યું છે કે બૌદ્ધોની ચાર શાખાઓ નામે સૌત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક છેલ્લા ચાર નયોની પક્ષપાતી છે. ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **નયોપદેશ** (શ્લો. ૧૧૯)માં કહ્યું છે કે બૌદ્ધોની ચાર શાખાઓએ અનુક્રમે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનો વિશેષતઃ આશ્રય લીધો છે.

(૯૩) **જિનેશ્વરનાં છ અંગ છે : સાંખ્ય,** યોગ, **બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક અને જૈન.**

સાંખ્યાદિ છ દર્શનોને તીર્થંકરનાં અનુક્રમે બે પગ, બે હાથ, કૂખ અને મસ્તક એમ છ અંગો તરીકે મુનિવર આનંદઘને પોતાના **નમિનાથ-સ્તવન**માં ઓળખાવ્યાં છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે :—

" જિન - સુરપાદપ - પાય વખાણું
 સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં
 લહો દુઃખ અંગ અખેદે રે.—૧ષડ્૦ ૨
ભેદ અભેદ સૌગત મીમાંસક
 જિનવર દોય કર ભારી રે;
લોકાલોક - અવલંબન ભજીએ
 ગુરુગમથી અવધારી રે.—ષડ્૦ ૩
લોકાયતિક કૂખ જિનવરની
 અંશ વિચારી જો કીજે રે;
તત્ત્વ - વિચાર - સુધારસધારા
 ગુરુગમ વિણ કેમ પીજે રે ? ષડ્૦ ૪

જૈન જિનેશ્વર ઉત્તમ અંગ
અંતરંગ બહિરંગે રે;
અક્ષર - ન્યાસ - ધરા આરાધક
આરાધે ધરી સંગે રે.-ષડ્૦ ૫

જિનવરમાં સઘળાં દરિસણ છે,
દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી,
તટિનીમાં સાગર ભજના રે.-ષડ્૦ ૬ ''

ઉપર્યુક્ત દર્શનોનો સાચો મેળ મેળવવો એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે જ્યારે એ દરેકનું નિરપેક્ષ સેવન તે મિથ્યાત્વ અને મિથ્યાજ્ઞાન છે.

**(૯૪) અનંતધર્માત્મક વસ્તુના પરસ્પર વિરુદ્ધ જણાતા ધર્મોનું સાપેક્ષ રીતે કથન તે 'સ્યાદ્વાદ' છે.**

સ્યાદ્વાદના અનેકાંતવાદ, અપેક્ષાવાદ ઇત્યાદિ પર્યાયો છે. સ્યાદ્વાદ એ સંશયવાદ નથી તેમ જ એ "**नरो वा कुञ्जरो वा**" જેવી દહીં–દૂધિયા નીતિ પણ નથી. એના સેવનથી તો વાચિક અહિંસા પળાય છે. વળી સ્યાદ્વાદ વ્યાવહારિક ગૂંચો ઉકેલવાનું તેમ જ વિવિધ દર્શનોના સિદ્ધાંતોનો સુમેળ સાધવાનું ઉત્તમ સાધન છે. દા. ત. કાર્ય જે ઉત્પન્ન થાય છે તે 'સત્' જ છે એમ સાંખ્યો માને છે અને એ 'અસત્' જ છે એમ વૈશેષિકો માને છે જ્યારે સ્યાદ્વાદી જૈનો એને 'સદસત્' માને છે અને

---

૧ ષડ્દર્શન જિનઅંગ ભણીજે.

એ દ્વારા બે દર્શનોનાં મંતવ્યોની વચ્ચેનો વિરોધ ટાળે છે. પદાર્થ સદસત્ છે, કેમકે પદાર્થ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સત્ જ છે, જ્યારે અન્યનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અસત્ જ છે.

સ્યાદ્વાદ અને અહિંસા એ જૈન દર્શનનાં અવિભાજ્ય અંગો જે—બલ્કે એના પર્યાયો છે.

**(૯૫) કાર્યનાં પાંચ નિમિત્ત છે : (૧) કાળ, (૨) સ્વભાવ, (૩) નિયતિ, (૪) પૂર્વકૃત કર્મ અને (૫) પુરુષકાર.**

પુરુષકાર કહો કે ઉદ્યમ કહો તે એક જ છે.

ઉપર્યુક્ત પાંચે નિમિત્તોમાંથી ગમે તે એકને જ સર્વાંશે નિમિત્ત માનવું તે મિથ્યાત્વ અને મિથ્યાજ્ઞાન છે, જ્યારે પાંચેના સમુદાયનો સ્વીકાર તે સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાન છે.

**(૯૬) નિક્ષેપ ચાર છે: નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.**

કેવળ પરસ્પર વિચારો જાણવા અને જણાવવા માટે જ નહિ પણ પ્રાયઃ બધા જ વ્યવહારમાં પણ ભાષા અગ્ર સ્થાન ભોગવે છે. એ ભાષા શબ્દોની બનેલી છે અને શબ્દના અર્થ પ્રસંગ અને પ્રયોજનને લક્ષ્યમાં રાખી નક્કી કરાય છે. દરેક શબ્દના ઓછામાં ઓછા ચાર અર્થ છે. એ જ ચાર અર્થ તે શબ્દના અર્થસામાન્યના ચાર વિભાગ છે. એ પ્રત્યેક વિભાગને–અર્થ-વિભાગને 'નિક્ષેપ' તેમ જ 'ન્યાસ' કહે છે. આમ નામ–નિક્ષેપ, સ્થાપના-નિક્ષેપ ઇત્યાદિ ચાર નિક્ષેપ છે. નામ–નિક્ષેપ સંકેતને આભારી છે. એ નામ સાન્વર્થ જ હોય એમ નથી.

મૂળ વસ્તુની પ્રતિમા, પ્રતિકૃતિ કે છબી રૂપ જે વસ્તુ હોય કે જે વસ્તુમાં મૂળ વસ્તુનો આરોપ કરાયો હોય તે વસ્તુને 'સ્થાપના–નિક્ષેપ' કહે છે.

જે અર્થ મૂળ વસ્તુની પૂર્વકાલીન કે ઉત્તરકાલીન અવસ્થાનો દ્યોતક હોય તે 'દ્રવ્ય–નિક્ષેપ' છે.

જે વસ્તુમાં વ્યુત્પત્તિ કે પ્રવૃત્તિરૂપ નિમિત્ત બરાબર ઘટતું હોય તે 'ભાવ–નિક્ષેપ' છે.

આ ચારે નિક્ષેપ નૈયાયિકાદિ અજૈનોએ પણ નામાંતરોથી સ્વીકાર્યા છે. એમણે નામાદિ નિક્ષેપોનો પદાર્થ, આકૃતિ, વ્યક્તિ અને જાતિ તરીકે નિર્દેશ કર્યો છે.[1]

(૯૭) **જૈન દર્શન એ ભારતીય આસ્તિક દર્શનોમાં ગણનાપાત્ર અને સ્વતન્ત્ર દર્શન છે.**

'જૈન' શબ્દ 'જિન' ઉપરથી ઉદ્ભવ્યો છે. 'જિન' શબ્દ 'જીતવું' એ અર્થવાળા 'જિ' ધાતુ ઉપરથી બનાવાયો છે. 'જિન' એટલે 'જીતનાર'—રાગ અને દ્વેષનો સર્વાંશે વિજેતા. એ આત્મવિજય મેળવનાર જિને પ્રરૂપેલો ધર્મ તે 'જૈન ધર્મ' છે—એ જૈન દર્શન છે.

'આસ્તિક' શબ્દની વ્યાખ્યા ઉત્તરોત્તર બદલાતી રહી છે.

પાણિનિકૃત અષ્ટાધ્યાયીમાં નીચે મુજબનું સૂત્ર છે :—

" **अस्ति नास्ति दिष्टं मतिः** " ( ૪-૪-૬૦ ).

---

૧. જુઓ ત. સૂ. ( ૧, ૫ )ની ન્યાયાચાર્યકૃત ટીકા ( પત્ર ૨૪ અ).

આ ઉપરથી જાણી શકાય છે કે પરલોકને માને તે ‘આસ્તિક’ છે અને જે એ ન માને તે ‘નાસ્તિક’ છે. એકાંતે નિયતવાદી તે ‘દૈષ્ટિક’ છે.

આસ્તિકની આ વ્યાખ્યા પ્રમાણે જૈન દર્શન ‘આસ્તિક’ છે.

આગળ જતાં આસ્તિક એટલે “ઈશ્વરને માને તે” એવી એની વ્યાખ્યા કરાઇ અને તે લોકપ્રિય બની. જૈનો ઉચ્ચમાં ઉચ્ચ કોટિના આત્માને ‘પરમાત્મા’ યાને ‘પરમેશ્વર’ ગણે છે તો એ હિસાબે પણ જૈન દર્શન ‘આસ્તિક’ છે, જ્યારે પૂર્વ મીમાંસા અને કપિલનું સાંખ્ય દર્શન ઈશ્વરને નહિ માનતા હોવાથી નાસ્તિક છે છતાં એ દર્શનો આસ્તિક ગણાય છે!

“ઈશ્વર એટલે જગત્કર્તા” એવું ઈશ્વરનું લક્ષણ કરાય તો તે હિસાબે જૈન, બૌદ્ધ વગેરે દર્શનો ‘નાસ્તિક’ છે.

બૌદ્ધ દર્શનના આવિર્ભાવ પછી પરંતુ ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાં આસ્તિકની વ્યાખ્યા કેટલાકે એવી કરી કે “વેદને માને તે આસ્તિક”.

જૈનો, બૌદ્ધો વગેરે ઉપલબ્ધ વેદને પ્રમાણરૂપ ગણતા નથી એટલે એ દૃષ્ટિએ જૈન દર્શન વગેરે ‘નાસ્તિક’ છે.

જૈન પરંપરા પ્રમાણે ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીએ ચાર વેદ રચ્યા હતા[૧] પણ આગળ જતાં લાંબા સમયે એ

---

૧. જુઓ “હિંદુ મિલન મંદિર” (વ. ૭, અંક ૨-૭)માં છપાયેલો મારો લેખ નામે “વેદો સંબંધી જૈન વક્તવ્ય”.

વિકૃત કરાયા. ભરતે રચેલા પ્રાચીન વેદો આજે એ સ્વરૂપે ઉપલબ્ધ નથી. બાકી જૈનોને એ વેદો માનવામાં વાંધો નથી એટલે મૂળ વેદોને જૈનો પણ માને છે. એ દૃષ્ટિએ એઓ 'આસ્તિક' છે, જ્યારે ઉપલબ્ધ વેદોમાં હિંસાને સ્થાન હોવાથી એને જૈનો માનતા નથી—એનું પ્રામાણ્ય સ્વીકારતા નથી તો એ દૃષ્ટિએ જૈન દર્શન નાસ્તિક છે.

વેદનો અર્થ 'જ્ઞાન' કરાય તો જૈન દર્શન જ્ઞાનને આત્માનો મૂળ ગુણ માને છે તો તે અપેક્ષાએ, જ્ઞાનને પ્રકૃતિનો ગુણ માનનાર સાંખ્ય દર્શન કરતાં જૈન દર્શન આસ્તિક ગણાવવા માટે વધારે લાયક લેખાય.

"ઉપલબ્ધ વેદને માને તે જ હિંદુ" એવી [1]હિંદુની

---

૧. હિન્દુ અને હિન્દુ ધર્મની વિવિધ વ્યાખ્યાઓ Evolution of Hindu Moral Ideals (પૃ. ૧–૪)માં અપાઇ છે. પ્રા. બ. ક. ઠાકોરે **માલવિકાગ્નિમિત્રની મનનિકા** ટીકા ( પૃ. ૧૫૨ )માં હિન્દુ ધર્મની વાત નીચે મુજબ ચર્ચી છે :—

"પૌરાણિક એટલે સૈકાઓથી પરિચિત છે એ હિન્દુ ધર્મ અને સમાજ, તે જ હિન્દુ ધર્મ અને સમાજનું અનાદિ કાલથી ચાલતું આવેલું 'સનાતન' સ્વરૂપ, એ આપણો અત્યન્ત અનૈતિહાસિક બલ્કે દેખીતો ઈતિહાસવિરુદ્ધ ભ્રમ આપણા વિદ્વાનોએ હવે તો ત્યજવો જોઇએ. શ્રીવામનાવતાર, શ્રીરામચંદ્રાવતાર, શ્રીકૃષ્ણચંદ્રાવતાર, એ ત્રણ જેમ એક બીજાથી અત્યન્ત ભિન્ન; તેમ અતિપુરાણા વેદકાળનો હિન્દુ

[ અનુસંધાન પૃ. ૪૩

વ્યાખ્યા કરાય તો જૈનો હિંદુઓ નથી, પરંતુ જેમના ધર્મસ્થાપકો આપણા આ ભારત દેશમાં-હિંદુસ્તાનમાં થઇ ગયા છે અને જેમનાં તીર્થસ્થળો પણ અહીં છે તેઓ 'હિંદુ' છે એવી પં. મદમોહન માલવિયા જેવાએ હિંદુની સૂચવેલી વ્યાખ્યા અનુસાર તો જૈનો પણ હિંદુઓ છે. આમ એઓ વૈદિક હિંદુ કે બૌદ્ધ હિંદુ નથી પણ જૈન હિંદુ છે.

જૈન દર્શનને 'ગણનાપાત્ર' કહેવા માટે સબળ કારણ છે. એમાં કેવળ જ્ઞાન, જ્ઞેય કે જીવનશોધન અને જીવનઘડતરનું—ચારિત્રનું જ વર્ણન નથી.[1] વળી અહિંસા, સ્યાદ્વાદ, આત્માનું સ્વરૂપ, આત્મોન્નતિનાં સોપાન, કર્મસિદ્ધાન્ત, ધ્યાન ઇત્યાદિ બાબતોનું આ દર્શનમાં ખૂબ ઝીણવટભર્યું અને વિશદ નિરૂપણ છે. કેટલીક બાબતો તો એવી છે કે જેનાં બીજ પણ વેદો અને ઉપનિષદોમાં જણાતાં નથી એમ કેટલાક વિદ્વાનોનું કહેવું

---

ધર્મ અને સમાજ; ઈ. પૂ આશરે આઠમા સૈકાથી હજાર વર્ષ ચાલેલો હિન્દુ ધર્મ અને સમાજ; ઇ. ચોથા પાંચમા સૈકાથી સ્પષ્ટ દેખાવા માંડી વધુ વધુ રૂઢિબદ્ધ અને તામસી થઇ ગયેલો પૌરાણિક હિન્દુ ધર્મ અને સમાજ; એ ત્રણ એક બીજાથી અત્યન્ત ભિન્ન; આ મહામોટું સત્ય સમઝી લેવા જેટલું તો આપણું ઇતિહાસનેત્ર જલદી ખુલવું જોઇએ."

૧. ન્યાય દર્શનમાં પ્રમાણોની મીમાંસા છે. એવી રીતે જૈન દર્શનમાં જ્ઞાન-મીમાંસા છે. વૈશેષિક, સાંખ્ય અને વેદાન્ત દર્શનોમાં જ્ઞેયની – પ્રમેયોની મીમાંસા પ્રધાન પદ ભોગવે છે, જ્યારે યોગ અને બૌદ્ધ દર્શનમાં ચારિત્રની મીમાંસાને મુખ્ય સ્થાન અપાયું છે. જુઓ ત. સૂ.નું ગુજરાતી વિવેચન ( પૃ. ૭૮–૭૯ ).

છે.[1] આ ઉપરથી એ ફલિત થાય છે કે જૈન ધર્મ એ હિન્દુ ધર્મની શાખા છે એમ જે કહેવામાં આવે છે તે વિચારણીય છે. ડૉ. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવના મતે તો જૈન દર્શન આવી કોઇ શાખા નથી એમ એમણે આપણો ધર્મ ( પૃ. ૬૬૭ )માં કરેલા નિમ્નલિખિત કથન ઉપરથી અનુમનાય છે :—

---

૧. ઉદાહરણાર્થે હું **ન્યાયાવતાર** વાર્તિક-વૃત્તિની પં. દલસુખ માલવણિયાની હિંદી પ્રસ્તાવના ( પૃ. ૯–૧૦ )માંથી નિમ્નલિખિત પંક્તિઓ રજૂ કરું છું :—

"जैन तत्त्वविचार की स्वतंत्रता इसी से सिद्ध है कि जब उपनिषदों में अन्य दर्शनशास्त्र के बीज मिलते है तब जैन तत्त्वविचार के बीज नहीं मिलते । इतना ही नहीं किन्तु भगवान् महावीर-प्रतिपादित आगमें में जो कर्मविचार की व्यवस्था है, मार्गणा और गुणस्थान सम्बन्धी जो विचार है, जीवों की गति और आगतिका जो विचार है, लोक की व्यवस्था और रचना का जो विचार है, जड़ परमाणु पुद्गलों की वर्गणा और पुद्गल-स्कन्ध का जो व्यवस्थित विचार है, षड्द्रव्य और नवतत्त्व का जो व्यवस्थित निरूपण है उसको देखते हुए यह कहा जा सकता है कि जैन तत्त्वविचारधारा भगवान् महावीर से पूर्व की कई पीढियों के परिश्रम का फल है और इस धारा का उपनिषद्-प्रतिपादित अनेक मतों से पार्थक्य और स्वातंत्र्य स्वयंसिद्ध है ।"

જૈન ધર્મ એ બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મની વચ્ચેનો દાર્શનિક મધ્યમ માર્ગ છે એમ પ્રો. હોપ્કિન્સે Religions of India ( પૃ. ૨૮૩ )માં કહ્યું છે.

"મેં બ્રાહ્મણ અને જૈન એમ બે જુદા ધર્મ હોય એવા શબ્દો વાપર્યા તેથી ઉપજતી ભ્રાન્તિઓ પ્રથમ દૂર કરવી જોઇએ. આપણા વસ્તીપત્રકમાં હિન્દુ, બૌદ્ધ, શીખ અને જૈન એવા ભેદો પાડવામાં આવે છે પણ તે ભેદો અવાસ્તવિક છે. સર્વ એક જ ધર્મની શાખાઓ છે. શાખા કહેતાં પણ મને સંકોચ થાય છે, કારણ કે શાખા શાખા એક બીજાથી ભિન્ન હોય છે. આપણા ધર્મમાં તેવું પણ નથી. હું એક દાખલાથી આ વાત વધારે સ્પષ્ટ કરીશ........

વૈરાગ્ય, ભૂતદયા, ઇત્યાદિ. આ સર્વ સત્યો સનાતન છે, અને તે જૈન, બૌદ્ધ અને વેદ ધર્મ એ ત્રણે ધર્મમાં એકના એક છે. એ ધર્મ વસ્તુતઃ જુદા નહોતા અને જુદા છે પણ નહિ".

એમ. હિરિયણ્ણાકૃત Outlines of Indian Philosophy-ના ઉપોદ્ઘાત ( પૃ. ૧૬ )માં નીચે મુજબ ઉલ્લેખ છે :—

"[૧]Underlying this varied development, there are two divergent currents clearly discernible—one having its source in the Veda and the other, independent of it. We might describe them as orthodox and heterodox respectively, provided we remember that these terms are only relative and

---

૧ આનો ગુજરાતી અનુવાદ **ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા** [ ખંડ ૧-૨ : પૂર્વાર્ધ ] ( પ્રસ્તાવના પૃ. ૧૧૪ )માં એના અનુવાદક સ્વ. ચંદ્રશંકર પ્રાણુશંકર શુક્લે આપ્યો છે.

that either school may designate the other as heterodox, claiming for itself the 'halo of orthodoxy.'

The second of these currents is the later, for it commences as a reaction against the first; but it is not much later since it manifests itself quite early as shown by references to it even in the Vedic hymns."

અહીં જે એમ કહ્યું છે કે બીજા પ્રવાહનો ઉગમ પહેલાંનો વિરોધ કરવા—એની પ્રતિક્રિયારૂપે થયો હતો એ બાબત જૈન પરંપરાને માન્ય નથી. બાકી જૈન દર્શન વેદમાંથી ઉદ્‌ભવ્યું નથી પણ એ સ્વતંત્ર છે એમ જે કહેવાયું છે એ માનવામાં એને વાંધો નથી.

(૯૮) દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે અને સુગતિ પ્રાપ્ત કરાવે તે 'ધર્મ' છે.

(૯૯) ધર્મના ચાર પ્રકાર છે: (૧) દાન, (૨) શીલ, (૩) તપ અને (૪) ભાવ.

(૧૦૦) જ્ઞાનનું ફળ વિરતિ છે.

વિરતિ એટલે દોષોની નિવૃત્તિ. એને 'વ્રત' પણ કહે છે.

(૧૦૧) 'અહિંસા' એ જૈનોનું સાર્વભૌમ વ્રત છે.

(૧૦૨) હિંસાથી વિરમવું તે 'અહિંસા' છે.

**( ૧૦૩ ) પ્રમત્ત પ્રવૃત્તિને લઇને જીવના પ્રાણનો નાશ કરવો તે 'હિંસા' છે.**

પ્રમત્ત પ્રવૃત્તિ એટલે રાગદ્વેષવાળી તેમ જ સાવધાનતા વિનાની ક્રિયા.

**( ૧૦૪ ) હિંસાના બે પ્રકાર છે : ( ૧ ) દ્રવ્ય-હિંસા અને ( ૨ ) ભાવ-હિંસા.**

પ્રાણોનો નાશ એ 'દ્રવ્ય-હિંસા' યાને 'વ્યાવહારિક હિંસા' છે. એ હિંસા હોવા છતાં એ દોષરૂપ જ હોય એમ એકાન્તે ન કહી શકાય. એની પાછળ પ્રમત્ત પ્રવૃત્તિ જેવી દુષ્ટ ભાવના હોય તો એ દોષ જ છે.

પ્રમત્ત પ્રવૃત્તિ એ 'ભાવ-હિંસા' યાને 'નિશ્ચય-હિંસા' છે. એ ભાવના જાતે જ દોષવાળી હોવાથી પ્રાણોના નાશ ન થતાં ઊલટા પ્રાણ બચ્યા હોય તો પણ એ ભાવ-હિંસા દોષવાળી જ છે અને એ પાપનું કારણ છે.

**( ૧૦૫ ) મહાવ્રતોને જે પાળે તે સાચા ગુરુ છે.**

જૈન દર્શન પ્રમાણે ધર્મગુરુનું મુખ્ય લક્ષણ એ છે કે તેઓ કાંચન અને કામિનીના સર્વથા ત્યાગી હોય.

**( ૧૦૬ ) મહાવ્રત એક, ત્રણ, ચાર અથવા પાંચ છે.**

અહિંસા એ એક જ મહાવ્રત છે, કેમ કે અસત્ય, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહના વિરમણરૂપ અન્ય ચાર વ્રતો તો આ મહાવ્રતરૂપ ક્ષેત્રની વાડો છે.

ત્રણ મહાવ્રત યાને 'યામ' ગણાવનાર અહિંસા, સત્ય અને અપરિગ્રહનો ઉલ્લેખ કરે છે[1].

ચાતુર્યામ તરીકે હિંસા, અસત્ય, અદત્તાદાન અને બહિર્દ્ધાદાન એ ચારેનાં વિરમણો ગણાવાય છે. 'બહિર્દ્ધાદાન' એટલે બાહ્ય વસ્તુનું ગ્રહણ. ધન વગેરેની જેમ સ્ત્રી પણ બાહ્ય વસ્તુ છે.

પાંચ મહાવ્રતો તરીકે બહિર્દ્ધાદાનના વિરમણને બદલે અબ્રહ્મ અને પરિગ્રહનાં વિરમણોનો ઉલ્લેખ કરાય છે.

આમ જૈન ગ્રંથોમાં અપેક્ષા અપેક્ષા અનુસાર મહાવ્રતોની સંખ્યા ભિન્ન ભિન્ન ગણાવાઇ છે અને એમ ગણાવી શકાય.

પાંચ મહાવ્રતો તે યોગદર્શનમાં નિર્દેશાયેલા પાંચ 'યમ' છે એમ સામાન્ય રીતે મનાય છે.

**( ૧૦૭ ) અહિંસા વગેરે પાંચ મહાવ્રતોનું અંશતઃ પાલન તે પાંચ અણુવ્રતો છે.**

ગૃહસ્થ તરીકે જીવનાર અહિંસાદિ પાંચ મહાવ્રતોનું સર્વાંશે પાલન કરવા અસમર્થ છે. એથી એ જૈન સાધુ–સાધ્વીની પેઠે મહાવ્રતો પૂરેપૂરાં ન પાળતાં એનું યથાશક્તિ અંશતઃ પાલન કરે છે અને એ રીતે પોતાનો ભવ સાર્થક કરે છે. આમ કરનાર ગૃહસ્થને 'દેશ–વિરત' કહે છે કેમ કે એની વિરતિ અંશથી છે —એ 'દેશવિરતિ' છે.

---

૧ જુઓ આયારનું 'વિમોહ' નામનું અજ્ઝયણ (ઉદ્દેસગ ૧)-નું સુત્ત ૪ ( સૂત્રાંક ૧૯૭ ).

**( ૧૦૮ ) મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવના ભાવવા લાયક છે.**

અહિંસા વગેરે વ્રતોની સ્થિરતા માટે જ નહિ પરંતુ કોઇ પણ સદ્‌ગુણ કેળવવા માટે અને એ દ્વારા સ્વપરનું કલ્યાણ સાધવા માટે પણ આ ચાર ભાવના ખૂબ ઉપયોગી છે.

સમસ્ત જીવો સાથેનો નિઃસ્વાર્થ ભાઇચારો અને કોઇને પણ દુશ્મન ન ગણવાની ઉત્તમ વૃત્તિ તે 'મૈત્રી' છે. એ અજાતશત્રુતાનો અવતાર છે.

અધિક ગુણવાળી વ્યક્તિ પ્રત્યે માન રાખવું અને એની ઉન્નતિ જોઈને આનંદ પામવો તે 'પ્રમોદ' છે.

કોઈને પણ દુઃખી જોઇને દિલ દયાથી દ્રવે તે 'કારુણ્ય' છે.

સંસ્કાર વગરની જડ અને અવિનયી વ્યક્તિઓની રીતભાતથી કંટાળી ન જતાં કે તેમનો તિરસ્કાર ન કરતાં તેમ જ તેમને સુધારવાનો વ્યર્થ પ્રયત્ન પણ ન કરતાં, તેમના તરફ ઉદાસીન ભાવ કેળવવો–તટસ્થ વૃત્તિ ધારણ કરવી તે 'માધ્યસ્થ્ય' છે.

આ ચાર ઉત્તમ ભાવનાઓને બૌદ્ધ દર્શનમાં 'બ્રહ્મવિહાર' તરીકે ઓળખાવાઇ છે.[1]

---

૧ વિશેષ માહિતી માટે જુઓ મારો લેખ નામે "ભાવના-ચતુષ્ટય અને પરિકર્મ કિંવા બ્રહ્મવિહાર સંબંધી સાહિત્ય". આ લેખ "જૈન ધર્મ પ્રકાશ"ના વિ. સં. ૨૦૨૦ના અષાડના અંકમાં છપાયો છે.

**( ૧૦૯ ) મહાવ્રતોનો સ્વીકાર વહેલામાં વહેલો આઠ વર્ષની ઉમ્મરે થઈ શકે.**

વેદાનુસારી ધર્મ પ્રમાણે મનુષ્યે સંન્યાસ લેવા પૂર્વે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાંથી પસાર થવું એ રાજમાર્ગ છે, જ્યારે જૈન મતે સિદ્ધાન્તની દૃષ્ટિએ તો આવું કશું જ બંધન નથી. **મહાભારત**ના શાન્તિપર્વ ( અ. ૨૭૧ )માં પિતાપુત્રનો સંવાદ છે. તેનો મથિતાર્થ જૈન મતને મળતો આવે છે. વિશેષમાં "**यदहरेव [1]विरजेत् तदहरेव प्रव्रजेत्**" એવું **જાબાલ** ઉપનિષદ્ ( ૪ )નું [2]વાક્ય પણ આ બાબતનું સમર્થન કરે છે. આ પ્રથાની વિચારણા વ્યાવહારિક દૃષ્ટિએ—સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ પણ કરવા જેવી છે.

**( ૧૧૦ ) આસ્રવનું રોકાણ તે 'સંવર' છે.**

કર્મ-બંધનાં કારણોને જેટલે જેટલે અંશે રોકાય તેટલે તેટલે અંશે 'સંવર' કહેવાય, અને તેટલા પ્રમાણમાં સંસારી આત્માની ઉન્નતિ સધાતી જાય.

નવાં કર્મને આવતાં અટકાવવાથી મોક્ષનો માર્ગ મોકળો થાય છે. સાથે સાથે જૂનાં કર્મને ખેરવી નાંખવાનું કાર્ય કરાય તો સંસારી આત્મા કર્મની પકડમાંથી મુક્ત બને.

---

૧ આ પ્રમાણેનો પાઠ **ઉપનિષદ્વાક્યકોશ**માં છે.

૨ આનો અર્થ એ છે કે જેને જે દિવસે વૈરાગ્ય ઉદ્ભવે તે તે જ દિવસે પ્રવ્રજ્યા ગ્રહણ કરે—દીક્ષા લે.

**(૧૧૧) સંવરના સાત ઉપાયો છે: (૧) ગુપ્તિ, (૨) સમિતિ, (૩) શ્રમણ-ધર્મ, (૪) ભાવના, (૫) પરીષહોનો વિજય, (૬) ચારિત્ર અને (૭) તપ.**[1]

**(૧૧૨) ગુપ્તિ એટલે અશુભ પ્રવૃત્તિનો નિગ્રહ.**

ગુપ્તિના શરીર, વચન અને મનને લક્ષીને ત્રણ પ્રકાર છે. જેમકે શરીર-ગુપ્તિ યાને કાય ગુપ્તિ ઇત્યાદિ.

**(૧૧૩) 'સમિતિ' એટલે શુભ પ્રવૃત્તિનું સેવન.**

ચાલવામાં, બોલવામાં, આહાર મેળવવામાં, ખપજોગી વસ્તુ લેવામૂકવામાં તેમ જ અનુપયોગી વસ્તુઓ ત્યજવામાં સાવધાની રાખવી એમ સમિતિના પાંચ પ્રકાર છે,

**(૧૧૪) શ્રમણ-ધર્મના દસ પ્રકાર છે: (૧) ક્ષમા, (૨) મૃદુતા, (૩) સરળતા, (૪) અનાસક્તિ, (૫) સત્ય, (૬) સંયમ, (૭) તપ, (૮) ત્યાગ, (૯) અકિંચનતા અને (૧૦) બ્રહ્મચર્ય.**

'શ્રમણ-ધર્મ' એટલે સાધુ-સાધ્વીઓનો ધર્મ.

ક્ષમા, મૃદુતા, સરળતા અને અનાસક્તિ એ અનુક્રમે ક્રોધ, ગર્વ, માયા અને લોભનું નિકંદન કરનારા રામબાણ ઉપાય છે.

**(૧૧૫) સત્ય એટલે સજ્જનોને હિતકારી એવું યથાર્થ વચન.**

---

૧ આ સાત ઉપાયો અનુક્રમે ૩, ૫, ૧૦, ૧૨, ૨૨, ૫ અને ૧૨ પ્રકારો વિચારતાં સંવરના ૬૯ ઉપાય ગણાવાય છે.

વિચાર, વાણી અને વર્તનનું નિયમન તે 'સંયમ' છે.

**(૧૧૬) 'ભાવના' એટલે તાત્ત્વિક અને ઊંડું ચિંતન.**

એના અનિત્ય, અશરણ ઇત્યાદિ બાર પ્રકાર ગણાવાય છે.

શ્રમણ–ધર્મ પાળવામાં આહાર, પાણી, ગરમી, ઠંડી, રોગ, શય્યા ઇત્યાદિને લગતી મુસીબતો ઊભી થાય છે. એ મુસીબતોનો સમભાવે મુકાબલો–સામનો કરવો તે 'પરીષહોનો વિજય' છે.

**(૧૧૭) આત્માની શુદ્ધ દશામાં સ્થિર થવા માટે કરાતો પ્રયાસ તે 'ચારિત્ર' છે.**[1]

સમભાવ કેળવવો એ ચારિત્રનો પ્રથમ પ્રકાર છે.

**(૧૧૮) તપના બે પ્રકાર છે: બાહ્ય અને આભ્યંતર.**

સંસારી આત્માની મલિન વૃત્તિઓને જડમૂળથી ઉખેડી નાખવા માટે બળ મેળવવાની જરૂરિયાત રહે છે. એ પૂરી પાડવાનું કામ 'તપ' કરે છે.

બાહ્ય તપમાં શારીરિક ક્રિયાની અને આભ્યંતર તપમાં માનસિક ક્રિયાની મુખ્યતા છે.

**(૧૧૯) આહારનો ત્યાગ, ઊણોદરી, કાયક્લેશ ઇત્યાદિ બાહ્ય તપના પ્રકારો છે.**

**(૧૨૦) પ્રાયશ્ચિત્ત, વિનય, સેવા, સ્વાધ્યાય, અહંભાવ અને મમત્વનો ત્યાગ અને ધ્યાન એ આભ્યંતર તપના છ પ્રકાર છે.**

---

૧. જુઓ ત. સૂ.નું ગુજરાતી વિવેચન (પૃ. ૩૬૨).

બાહ્ય તપ આભ્યંતર તપની પુષ્ટિમાં કામ આવે એવું અને એ સાચી સમજણપૂર્વકનું હોવું જોઇએ.

કર્મની નિર્જરાર્થે કરાતું તપ જૈન દર્શનને માન્ય છે. કોઇ સાંસારિક હેતુ પાર પાડવા માટે ઉપવાસાદિ કરાય તે જૈન મતે ઇષ્ટ નથી. એવા તપથી લૌકિક સુખસાહ્યબી ભલે મળે–અભ્યુદય સધાય પરંતુ એ મોક્ષ મેળવવામાં સાધક તો શું પણ બાધક નીવડવાનો ઘણો સંભવ રહે છે.

જે તપ કરવાથી મન દુષ્ટ વિચારના વમળમાં સપડાય અને ઇન્દ્રિયોને હાનિ પહોંચે તે કરવાની જૈન દર્શન મનાઇ કરે છે.

**(૧૨૧) કર્મનું જીવથી ક્રમે ક્રમે છૂટા પડવું તે 'નિર્જરા' છે.**

**(૧૨૨) નિર્જરા બે રીતે થાય છે: કર્મના ફળના વેદનથી અને તપથી.**

કર્મનું ફળ ભોગવ્યા પહેલાં પણ એ કર્મને ઉચિત તપશ્ચર્યાના બળે આત્માથી છૂટું પાડી શકાય છે.

**(૧૨૩) નિર્જરાના બે પ્રકાર છે: અકામ અને સકામ.**

**(૧૨૪) પરમાત્માના બે પ્રકાર છે: [1]જીવન્મુક્ત અને દેહમુક્ત.**

---

૧ મનુષ્ય અહિંયાં જ બ્રહ્મને મેળવે છે એમ કઠ (૨-૩-૧૪) નામના ઉપનિષદ્‌માં કહ્યું છે તે જીવન્મુક્તનું દ્યોતન કરે છે.

આ બંને પ્રકારના પરમાત્માઓ જૈનોના ઈશ્વરો છે અને એ દૃષ્ટિએ જૈનો 'નિરીશ્વરવાદી' નથી.

**(૧૨૫) ઘાતી કર્મનો ક્ષય થતાં મનુષ્ય 'જીવન્મુક્ત' બને છે.**

**(૧૨૬) મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં વીતરાગતા અને ત્યાર બાદ અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણનો ક્ષય થતાં સર્વજ્ઞતા પ્રગટે છે.**

સર્વજ્ઞતા એટલે પદાર્થો અને ભાવોનું સાક્ષાત્ જ્ઞાન. આવું જ્ઞાન મીમાંસકોના મતે કોઈને હોય નહિ એટલે કે કોઇ સર્વજ્ઞ નથી, છે નહિ અને થશે નહિ.

અંતર્મુહૂર્ત એટલે નવ સમયથી માંડીને બે ઘડી યાને ૪૮ મિનિટમાં એક સમય ઓછો હોય ત્યાં સુધીનો વખત. સમય એ કાળનો નાનામાં નાનો વિભાગ છે. આંખના એક પલકારામાં અસંખ્ય સમય પસાર થઈ જાય છે.

**(૧૨૭) તીર્થંકર ઉત્કૃષ્ટ પુણ્યશાળી સર્વજ્ઞ છે.**

તીર્થંકર સર્વજ્ઞ બન્યા બાદ ઉપદેશ આપે છે અને એ સાંભળીને એમના મુખ્ય શિષ્યો (ગણધરો) શાસ્ત્રો–આગમો રચે છે. તીર્થંકર તીર્થ સ્થાપે છે–સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની યોજના કરે છે.

**(૧૨૮) તીર્થંકર અવતારી પુરુષ નથી.**

કોઇ પણ જીવ-ભલે ને એ તીર્થંકર હોય તો પણ મોક્ષે ગયા પછી ફરી જન્મ લેતા નથી પછી એમણે સ્થાપેલા તીર્થનો ઉચ્છેદ કાં ન થતો હોય.

સાધુઓ ઉપર ઉપકાર કરવા માટે, દુષ્ટ જનોના સંહારાર્થે અને ધર્મ સ્થાપવા માટે ઈશ્વર યુગે યુગે અવતાર લે છે એ મત જૈન દર્શનને માન્ય નથી. જૈન દર્શન પ્રમાણે તો મુક્ત જીવો નિરંજન અને નિરાકાર છે અને વિશ્વની કોઇ પણ ઘટમાળ સાથે એમને કશી નિસ્બત નથી. કોઇ જીવ અનાદિ કાળથી તીર્થંકર હોતો નથી. મનુષ્ય જ તીર્થંકર બની શકે છે પરંતુ પ્રત્યેક મનુષ્ય એ ઉત્તમ પદ પ્રાપ્ત કરી શકે તેમ નથી.

**( ૧૨૯ ) દર્શન-મોહનીયના ક્ષયથી અનુપમ સમ્યક્ત્વ અને ચારિત્ર-મોહનીયના ક્ષયથી ઉત્તમ ચારિત્ર પ્રાપ્ત થાય છે.**

**( ૧૩૦ ) [૧] જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય અને આયુષ્ય એ પાંચ કર્મના ક્ષયથી અનુક્રમે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત બળ અને અક્ષય સ્થિતિ પ્રાપ્ત થાય છે.**

**( ૧૩૧ ) નામ-કર્મ અને ગોત્ર-કર્મના ક્ષયથી અમૂર્તતા અને ઓતપ્રોતતા પ્રાપ્ત થાય છે.**

**( ૧૩૨ ) અવસાન-સમયે ચારે અઘાતી કર્મોનો સમકાળે નાશ કરી જીવન્મુક્ત પરમાત્મા દેહમુક્ત બને છે.**

---

૧ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મનો સમકાળે ક્ષય થાય છે.

દેહમુક્તતા એ આત્માની સર્વોત્કૃષ્ટ દશા છે. એની પ્રાપ્તિ એ મનુષ્યભવની ઉત્તમ સિદ્ધિ છે.

**(૧૩૩) સંસારી જીવ સાથે કર્મ અનાદિ કાળથી છે.**

આથી જીવ પહેલાં કે કર્મ એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ સંબંધમાં પાંચ અન્ય મતો જોવાય છે :—

(૧) જીવ પહેલાં અને કર્મ પછી.
(૨) કર્મ પહેલું અને જીવ પછી.
(૩) જીવ અને કર્મ બંને એકસાથે ઉત્પન્ન થયાં.
(૪) જીવ છે પરંતુ કર્મ નથી.
(૫) જીવ પણ નથી અને કર્મ પણ નથી.

**(૧૩૪) સંસારી જીવ સાથેનો કર્મનો સંયોગ પ્રવાહરૂપે હોવાથી એનો (કર્મનો) નાશ શક્ય છે.**

**(૧૩૫) [1]મોક્ષે સીધા જવા માટે મનુષ્યભવ આવશ્યક છે પણ એ અતિદુર્લભ છે.**

સંસારી જીવો પૈકી નારકો અને તિર્યંચો તો એ જ ભવમાં મોક્ષે ન જઇ શકે એ તો દેખીતી વાત છે પણ દેવો પણ દેવના ભવમાં મોક્ષે સીધા જઇ શકતા નથી કેમકે એઓ કોઇ વ્રત પાળતા નથી. આથી મનુષ્ય જ સંયમી જીવન જીવી એ

---

૧. દેવો એ મનુષ્ય કરતાં ધર્મપાલનમાં ચડિયાતા નથી. એની ઉપાસના મનુષ્યે કરવી જોઇએ એમ જૈન દર્શન માનતું નથી. જૈનોની સર્વોત્તમ ઉપાસનાનું સ્થાન તો પરમાત્માઓ જ છે.

જ ભવ દ્વારા એ સીધો મોક્ષે જઇ શકે છે. આમ મનુષ્ય-ભવ જ જન્મમરણની રખડપટ્ટીનો સદાને માટે અંત આણવાનું અદ્વિતીય સાધન છે.

આ સાધન પુષ્કળ પુણ્ય ઉપાર્જન કર્યું હોય તો જ મળે છે. વળી મનુષ્ય-ભવ વારંવાર મળતો નથી. મનુષ્ય તરીકે લાગલગાટ સાત વાર જન્મ મળી શકે છે;[1] પછી તો અન્ય ગતિમાં જવું જ પડે એમ જૈન દર્શનનું માનવું છે.

મનુષ્ય-ભવ અતિદુર્લભ છે એ વાત તો અનેક દાર્શનિકો માને છે અને એ મહામૂલ્યશાળી છે એ બાબતમાં તો વૈજ્ઞાનિકો પણ સંમત છે. આથી આપણને જે અત્યારે મનુષ્યભવ મળ્યો છે તે એળે ન જાય તેવી આપણે પૂરી તકેદારી રાખવી ઘટે.

( ૧૩૬ ) **સકળ કર્મોનો આત્યન્તિક નાશ એ મોક્ષ** છે.

મુક્તિ, વિમુક્તિ, નિર્વાણ, પરિનિર્વાણ, અપવર્ગ, પંચમ ગતિ, શિવપુરી ઇત્યાદિ મોક્ષના પર્યાય છે.

( ૧૩૭ ) **મુક્ત જીવો એક સમયમાં ઊર્ધ્વ ગતિએ ગમન કરી લોકના અગ્ર ભાગમાં જઈ ત્યાં વસે છે. તેઓ પરસ્પર**

---

૧. દેવ દેવ તરીકે સદા યે જીવતો નથી. એવી રીતે નારક પણ સદા યે નારક તરીકે જ જીવતો નથી. દેવ મરીને ફરીથી તરત જ દેવ જ તરીકે જન્મતો નથી પરંતુ એ તિર્યંચ કે મનુષ્ય તરીકે જન્મે છે. એવી રીતે નારક પણ મરીને તરત જ નારક તરીકે જન્મતો નથી પણ તિર્યંચ કે મનુષ્ય તરીકે જન્મે છે.

**ઓતપ્રોત થઇને રહે છે. એઓ આત્મરમણતાનો અપૂર્વ અને અક્ષય આનંદ સદા યે ભોગવે છે.**

**( ૧૩૮ ) અનંત જીવો મોક્ષે ગયા છે અને જશે પણ જગત્ સંસારી જીવો વિનાનું કદી બનશે નહિ.**

જેટલા જીવો એક સમયમાં મોક્ષે જાય તેટલા જીવો અવ્યવહાર–રાશિમાંથી વ્યવહાર–રાશિમાં આવી જાય છે. આથી એક બાજુ સૂક્ષ્મ નિગોદ તરીકે અનાદિ કાળથી રહેલા જીવોની સંખ્યા ઘટે છે તો મુક્ત જીવોની વધે છે. વળી કેટલાક વ્યવહાર–રાશિમાં આવેલા જીવો પણ સૂક્ષ્મ નિગોદમાં અવતરે છે પણ એ સ્વરૂપે સદા યે રહેતા નથી—વહેલા કે મોડા એ વ્યવહાર–રાશિમાં ફરી આવી જ જાય છે.

**( ૧૩૯ ) સંસારી જીવોના બે પ્રકાર છે: ભવ્ય અને અભવ્ય.**

દરેકે દરેક જીવમાં મોક્ષે જવાની લાયકાત નથી. જેમ મગમાં કેટલાક 'ગાંગડુ મગ' તરીકે ઓળખાવાતા મગ સળગતા ચૂલા ઉપર ગમે તેટલા કલાક સુધી રાખી મુકાય છતાં ચડતા નથી તેમ કેટલાક જીવો કદી મોક્ષે જવાની લાયકાતવાળા બનતા નથી. જે જીવો એ લાયકાત ધરાવે છે તેમને ' ભવ્ય ' કહે છે અને બાકીનાને ' અભવ્ય ' કહે છે.

**( ૧૪૦ ) બધા જ ભવ્ય જીવો મોક્ષે જતા નથી.**

જે ભવ્ય જીવોને લાયકાત હોવા છતાં યોગ્ય સંયોગો મળતા નથી તેઓ સદા યે સંસારમાં જ સડયા કરે છે. એમને 'જાતિ–ભવ્ય' કહે છે. એ જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદના જીવરૂપે રહ્યા છે અને સદાને માટે તેમ જ રહેશે.

**(૧૪૧) જૈન ધર્મ ગુણપ્રધાન છે.**

જૈન કુળમાં જન્મવાથી જ કોઇ માનવી જૈન બની જતો નથી. વળી જૈન સાધુ કે સાધ્વીનો કેવળ વેશ સ્વીકારવાથી તે વ્યક્તિ એ પદને યોગ્ય બની જતી નથી. જૈન ધર્મ પૂરેપૂરો પાળનારી વ્યક્તિ ગમે તે કુળ, જાતિ કે લિંગની હોય તો પણ તે મોક્ષ મેળવવા માટે લાયક છે જ. માનવી સ્ત્રી એ દેહે પણ મોક્ષ મેળવી શકે છે.

# પરિશિષ્ટ : સમર્થક ઉલ્લેખો

આ પુસ્તકમાં અપાયેલાં ૧૪૧ સૂત્રો જૈનોના પ્રાચીન અને પ્રમાણભૂત ગ્રન્થોના આધારે મેં યોજ્યાં છે. એની સાબિતીના એક અંશ તરીકે હું હાલ તત્ત્વાર્થાધિગમશાસ્ત્રનાં નિમ્નલિખિત સૂત્રો રજૂ કરું છું :—

| સૂત્રાંક | સૂત્ર |
|---|---|
| ૩ | उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । ५-२९ । |
| ૪ | गुणपर्यायवद् द्रव्यम् । ५-३७ । |
| ૭ | उपयोगो लक्षणम् । २-८ । |
| ૮ | संसारिणो मुक्ताश्च । २-१० । |
| ૧૧ | स द्विविधोऽष्टचतुर्भेदः । २-९ । |
| ૧૨ | मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् । १-९ । |
| ૧૩ | आद्ये परोक्षम् । १-११ । प्रत्यक्षमन्यत् । १-१२ । |
| ૧૫ | श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् । १-२० । |
| ૧૮ | पञ्चेन्द्रियाणि । २-१५ । स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि । २-२० । |

| સૂત્રાંક | સૂત્ર |
| --- | --- |
| ૧૯ | स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थः । २-२१ । |
| ૨૧ | वाय्वन्तानामेकम् । २-२३ । कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि । २-२४ । |
| ૨૯ | सञ्ज्ञिनः समनस्काः । २-२५ । |
| ૩૧ | नारकदेवानामुपपातः । २-३५ । |
| ૩૨ | अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः । ५-१ । |
| ૩૬ | स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः । ५-२३ । |
| ૩૭ | शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायाऽऽतपोद्योतवन्तश्च । ५-२४ । |
| ૪૦ | गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः । ५-१७ । |
| ૪૧ | असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः । ५-७ । जीवस्य च । ५-८ । आकाशस्य अनन्ताः । ५-९ सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् । ५-१० । |
| ૪૨ | प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् । ५-१६ । |
| ૪૪ | कायवाङ्मनःकर्म योगः । ६-१ । स आस्रवः । ६-२ । |
| ૪૫ | सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः । ६-५ । |
| ૪૬ | मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः । ८-१ । |
| ૪૭ | प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधाः । ८-४ । |
| ૫૦-૫૩ | दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषो- |

સૂત્રાંક સૂત્ર

द्वयेकादशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभा हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः । ८-१० ।

૫૪ मत्यादीनाम् । ८-७ ।

૫૫-૫૬ चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च । ८-८ ।

૫૭ ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च । २-४ । दानादीनाम् । ८-१४ ।

૫૯ सदसद्वेद्ये । ८-९ ।

૬૦ गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्द्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च । ८-१२ ।

૬૧ उच्चैर्नीचैश्च । ८-१३ ।

૬૩ औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः । २-५२ ।

૬૭ नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः । ८-२५ ।

| સૂત્રાંક | સૂત્ર |
|---|---|
| ૭૦ | औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि। २-३७। |
| ७१ | अविग्रहा जीवस्य । २-२८ । |
| ७२ | विग्रहगतौ कर्मयोगः । २-२६ । |
| ७५ | सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । १-१ । |
| ७६ | तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । १-२ । |
| ७७ | जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् । १-४ । |
| ७९ | मतिश्रुतावधयो विपर्ययश्च । १-३२ । |
| ८० | प्रमाणनयैरधिगमः । १-६ । |
| ८२ | तत् प्रमाणे । १-१० । आद्ये परोक्षम् । १-११ । |
| ८३ | प्रत्यक्षमन्यत् । १-१२ । |
| ९५ | नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः । १-५ । |
| १०३ | प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा । ७-८ । |
| १०७ | देशसर्वतोऽणुमहती । ७-२ । |
| १०८ | मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु । ७-६ । |
| ११० | आस्रवनिरोधः संवरः । ९-१ । |
| १११ | स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः । ९-२ । तपसा निर्जरा च । ९-३ । |

| સૂત્રાંક | સૂત્ર |
|---|---|
| ૧૧૨ | सम्यग्योगनिग्रहो गुप्तिः । ९-४ । |
| ૧૧૪ | उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्य-ब्रह्मचर्याणि धर्मः । ९-६ । |
| ૧૧૯ | अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः । ९-१९ । |
| ૧૨૦ | प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् । ९-२० । |
| ૧૨૬ | मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् । १०-१ । |
| ૧૩૬ | कृत्स्नकर्मक्षयो मोक्षः । १०-३ । |
| ૧૩૭ | तदनन्तरमूर्ध्वं गच्छत्या लोकान्तात् । १०-५ । |

અંતમાં એ સૂચવીશ કે આ પ્રમાણે મેં ૧૪૧ સૂત્રો પૈકી ૫૯ને અંગે સમર્થક સૂત્રો રજૂ કર્યાં છે. એમાંનાં કેટલાંક માટે ઉત્તરજ્ઝયણ વગેરેમાંથી વિશેષ પ્રાચીન ઉલ્લેખો આપીને તેમ જ અવશિષ્ટ સૂત્રો માટે આગમો અને ન્યાયાવતાર વગેરેનો ઉપયોગ કરીને આ પરિશિષ્ટને પરિપૂર્ણ બનાવી શકાય.